શ્રીકુન્દકુન્દાચાર્યવિરચિતા

# બારસ અણુવેક્ખા

[દ્વાદશાનુપ્રેક્ષા]

અનુવાદક :

ભાયાણી હરિલાલ જીવરાજભાઈ કાપડિયા

ભાવનગર

મૂલ્ય :
બાર આના.

પ્રકાશક :
શાહ નેમિદાસ ખુશાલદાસ
પોરબંદર : (કાઠિયાવાડ).

## જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળ

આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
એ દુઃખ, દુઃખફળ જાણીને, એનાથી જીવ પાછો વળે ૭૪

समयसार ।

## અનુભવ યોગ્ય શુદ્ધ આત્માનું સ્વરૂપ

દોહા

જગતચક્ષુ આનંદમય, ગ્યાન ચેતનાભાસ ।
નિરવિકલ્પ સાસુત સુથિર, કીજૈ અનુભૌ તાસ ॥ ૧૨૭ ॥

અચલ અખંડિત ગ્યાનમય, પૂરન વીતમમત્વ ।
ગ્યાનગમ્ય બાધારહિત, સો હૈ આતમ તત્ત્વ ॥ ૧૨૮ ॥

અર્થ —આત્મ-પદાર્થ જગતના સર્વ પદાર્થો જોવાને નેત્ર, આનંદમય, જ્ઞાનચેતનાથી પ્રકાશિત, સંકલ્પવિકલ્પરહિત, શાશ્વત [સ્વયંસિદ્ધ], અવિનાશી, અચલ અખંડિત જ્ઞાનપિંડ, સુખ આદિ અનંત ગુણોથી પરિપૂર્ણ, મમત્વરહિત વીતરાગ, જ્ઞાનગોચર [જન્મ, મરણ, ક્ષુધા, તૃષા આદિ બાધારહિત] નિરાબાધ છે, એવા આત્મતત્ત્વનો અનુભવ કરો. ૧૨૭ ૧૨૮

सर्वविशुद्धिद्वार ।

## અનુભવનું લક્ષણ

વસ્તુ વિચારત ધ્યાવતૈં, મન પાવૈ વિશ્રામ ।
રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભૌ યાકૌ નામ ॥

શ્રીસમયસાર નાટક

મુદ્રક : પારેખ શાંતિલાલ [illegible] શ્રી સરસ્વતી છાપખાનું  દાણાપીઠ-ભાવનગર

# શ્રીકુન્દકુન્દસ્મરણ

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः ।
यश्चारुचारण-कराम्बुज-चञ्चरीक-
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम् ॥

ભાવાર્થ.—કુન્દકુસુમની પ્રભા સમાન જેની શુભ્ર એવં પ્રિય કીર્તિથી દિશાઓ વિભૂષિત છે-સર્વ દિશાઓમાં જેનો ઉજ્જ્વલ અને મનમોહક યશ ફેલાયેલ છે, જે પ્રશસ્ત ચારણોના-ચારણ-ઋદ્ધિધારક મહામુનિઓના-કરકમલોના ભ્રમર હતા અને જેણે ભરતક્ષેત્રમાં શ્રુતની-આગમશાસ્ત્રની-પ્રતિષ્ઠા કરી છે, તે પવિત્રાત્મા સ્વામી કુન્દકુન્દ આ પૃથ્વી પર કોને વન્દનીય નથી?—સર્વદ્વારા વન્દનીય છે

तस्यान्वये भूविदिते बभूव यः पद्मनन्दिप्रथमाभिधानः ।
श्रीकौण्डकुन्दादि-मुनीश्वराख्यस्सत्संयमादुद्गत-चारणर्द्धिः ॥

ભાવાર્થ.—તે [શ્રીચન્દ્રગુપ્ત મુનિરાજના] પ્રસિદ્ધ વંશમાં આ શ્રીકુન્દકુન્દ મુનીશ્વર થયા છે, જેમનું પહેલું-દીક્ષા સમયનું-નામ 'પદ્મનન્દિ' હતું અને જેમને સત્સંયમના પ્રસાદથી ચારણઋદ્ધિ-પૃથ્વી પર પગ માંડ્યા વિના સ્વેચ્છાએ આકાશમાં ચાલવાની શક્તિ-પ્રાપ્ત થઈ હતી.

रजोभिरस्पृष्टतमत्वमन्तर्बाह्येऽपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय चचार मन्ये चतुरङ्गुलं सः ॥

અર્થઃ—યતિરાજ [ શ્રીકુન્દકુન્દ ] રજઃસ્થાન પૃથ્વીતલને છોડી ચાર આંગળ ઊંચા આકાશમાં ગમન કરતા હતા. આથી હું એમ સમજું છું કે તેઓશ્રી અંતરંગની સાથે-સાથે બહારમાં પણ રજથી અત્યંત અસ્પૃષ્ટ હતા–[ એમ આ ઘટના વ્યક્ત કરે છે ] અર્થાત્ અંતરંગમાં રાગાદિક મળ જેમ તેમની પાસે પહોંચી શકતા નહોતા તેમ બહારમાં પૃથ્વીની ધૂલિ પણ તેમને સ્પર્શી શકતી નહોતી.

श्रवणबेलगोल शिलालेख नं. ५४-४०-१०५

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण ।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति ॥

दर्शनसार ।

અર્થ—[ મહાવિદેહ ક્ષેત્રના વર્તમાન તીર્થંકર દેવ ] શ્રીસીમંધર સ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનન્દિનાથ [ શ્રીકુન્દકુન્દાચાર્ય દેવે ] બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

હે કુન્દકુન્દાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર.

सद्धर्मवृद्धिरस्तु ।



# આમુખ

मंगलं भगवान् वीरो, मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो, जैनधर्मोऽस्तु मंगलम् ॥

**શ્રી કુન્દકુન્દાચાર્યનું સ્થાન**

મહાવીર ભગવાન મંગળરૂપ છે; ગણુંવર ગૌતમ મંગળરૂપ છે; આર્ય કુન્દકુન્દાચાર્ય મંગળરૂપ છે; જૈનધર્મ મંગળરૂપ છે.

શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા પહેલાં દરેક વાચક મંગલાચરણ તરીકે ઉપરોક્ત નિત્યસ્મરણીય પ્રસિદ્ધ શ્લોક બોલે છે; આ પરથી જણાશે કે શ્રીકુન્દકુન્દાચાર્યનું જૈન પરંપરામાં–ખાસ કરીને દિગંબર સંપ્રદાયમાં–કેટલું સન્માન છે ! શ્રીમહાવીર ભગવાન અને ગૌતમગણી પછી તરત જ તેમનું સ્થાન આચાર્યશિરોમણિ તરીકે આવે છે; [નન્દિ, ગિણ અને દેવસંઝક સંઘના] સાધુઓ પોતાને કુન્દકુન્દાચાર્યની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ-માન સમજે છે. કેમકે તે સમયે આ આચાર્યવરની તાત્ત્વિક મર્મજ્ઞતા, સૈદ્ધાન્તિક વિદ્વતા, સંયમ જગતવિખ્યાત હતાં.

**શ્રીકુન્દકુન્દાચાર્યના ગ્રંથોની પ્રતિષ્ઠા**

શ્રીકુન્દકુન્દાચાર્ય પછીના ઘણા લેખકોને તેમના ગ્રંથોમાંથી અધ્યાત્મજ્ઞાનની પ્રેરણા મળી છે; ટીકાકારો તો તેમના ગ્રંથોમાંથી ઘોકબંધ સૈદ્ધાન્તિક અવતરણો પ્રમાણરૂપે ટાંકી પોતાની કૃતિઓને પ્રતિષ્ઠિત કરે છે

દિગંબર સંપ્રદાયનું મુખ્ય ધામ દક્ષિણ દેશ ગણાય આધુનિક સમયમાં ગુજરાત તરફ જૈન તેમજ જૈનેતરને દિગંબર સંપ્રદાયના પુસ્તકોનો વ્યાપક પરિચય કરાવવાનું માન પરમ

કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રને ઘટે છે તે પોતે દિગંબર સંપ્રદાયન નહોતા, પરંતુ તેમણે ચારે અનુયોગથી પૂર્ણ *શ્રીસમયસાર 'શ્રીપંચાસ્તિકાય' વગેરે તાત્ત્વિક ગ્રંથોના આધાર લઈ ઉત્ત સદુપદેશ આપ્યો છે એટલું જ નહિ પણ તેમણે પરમશ્રુ પ્રભાવક મંડળ સ્થપાવી હિન્દી અનુવાદસહ દિગંબર ગ્રં પ્રસિદ્ધ કરાવવામાં પ્રેરણા કરેલી છે આથી સંસ્કૃત, પ્રાકૃ જાણનાર તથા નહિ જાણનાર સર્વ જૈન અને જૈનેતરોને સમયસા પ્રવચનસાર, પંચાસ્તિકાય જેવા આધ્યાત્મિક ગ્રંથોનો પરિચ તથા સ્વાધ્યાય કરવાનો માર્ગ સુલભ બન્યો છે

શ્રી ભદ્રબાહુસ્વામીના શિષ્ય

શ્રીકુન્દકુન્દાચાર્યનું પ્રમાણભૂત જીવનચરિત્ર પ્રાપ્ત થતું નથી તેમને વિષે બે પ્રકારની કથાઓ છે જેમને જાણવાની ઇચ્છા હોય તેમણે પ્રવ ચનસારનો અંગ્રેજી પ્રવેશ, વીરપાઠાવલિ +શ્રીકુન્દકુન્દાચાર્યનું જીવનચરિત્ર જોવા શ્રીકુન્દકુન્દાચાર્યે પોતાના ગ્રંથોમાં પોતાના વિષે ખાસ માહિત આપી નથી આ 'બારસ-અણુવેક્ખા' ગ્રંથને અંતે કુ પોતાનું નામ આપ્યું છે, અને 'બોધપ્રાભૃત' ગ્રંથને અંતે દ્વાદ અંગોના વિજ્ઞાની, ચૌદ પૂર્વાંગના વિપુલ વિસ્તારના શ્રુતજ્ઞાન 'ગમક ગુરુ' [સૂત્રના યથાયોગ્ય વાક્યાર્થ-કર્તાઓમાં પ્રધાન અને સુરાસુરપૂજિત 'શ્રી ભદ્રબાહુસ્વામી'ના શિષ્ય તરી પોતાને જણાવે છે પરંતુ તે શ્રીભદ્રબાહુસ્વામીના સમકાલી હોય એવું કાંઈ પ્રમાણ મળતું નથી; શ્રીભદ્રબાહુસ્વામીન

---

*આ ગ્રંથ ગુજરાતી અનુવાદ સહ શ્રીજૈન અતિથિ સેવાસમિતિ સોનગઢ [કાઠિયાવાડ] તરફથી પ્રગટ થયો છે કિંમત ૨ ૮-૦ છે.

+ભગવાન કુન્દકુન્દાચાર્ય-શ્રી દિગંબર જૈન પુસ્તકાલય-સુરત-તરફથી પ્રગટ થયેલ છે.

શિષ્ય તરીકે ઓળખાવવામાં એક કારણ એ હોઈ શકે કે શ્રી ભદ્રબાહુસ્વામી જ દક્ષિણમાં ગયેલા સંઘના નેતા હતા. તેમના કાળધર્મ બાદ દક્ષિણનો સંઘ પોતાના ધાર્મિક જ્ઞાનને તેમની દ્વારા પ્રાપ્ત થયેલું માને તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી એટલે શ્રીકુન્દકુન્દાચાર્ય પણ પોતાનું જ્ઞાન શ્રીભદ્રબાહુસ્વામી દ્વારા પ્રાપ્ત થયેલું માનીને પોતાને તેમના પારંપરિક શિષ્ય માને એમ બનવા જોગ છે

**શ્રીકુન્દકુન્દાચાર્યનો સમય-નિર્ણય**

પટ્ટાવલીઓને આધારે જૈનોમાં પરંપરાગત માન્યતા એવી છે કે શ્રીકુન્દકુન્દાચાર્ય લગભગ વિ સ. ૯૯ માં +૩૩ વર્ષની વયે આચાર્યપદે આવ્યા અને બાવન વર્ષ આચાર્યપદે રહી +૮૫ વર્ષની આસપાસ કાળધર્મને પામ્યા જુદી જુદી પટ્ટાવલીઓમાં જુદા જુદા સમય આપેલ છે. વળી બાબુ ભોળાનાથ કેટલાક આધારે આપી વિ સ ૨૦૪ થી ૩૦૦ સુધીનો સમય કહે છે

**શ્રીકુન્દકુન્દાચાર્યના નામો**

પ્રાચીન શિલાલેખોમાં દ્રાવિડ ભાષાભાષીઓના ઉચ્ચારણ અનુસાર તેમનું નામ 'કૌણ્ડકુન્દ' પ્રાપ્ત થાય છે સંસ્કૃત ભાષામાં 'કુન્દકુન્દ' એ સરલ અને શ્રુતિમધુર રૂપ છે વળી દ્રાવિડદેશીય કૌણ્ડકુન્દપુર તેમનું નિવાસસ્થાન હોવાની અપેક્ષાએ આ 'કુન્દકુન્દાચાર્ય' નામ પ્રસિદ્ધ છે. કુન્દકુન્દાચાર્યના બીજા નામો વિષે ઘણા ઉલ્લેખો મળે છે; બારમી સદીમાં થયેલા શ્રીજયસેનાચાર્ય પંચાસ્તિકાયની ટીકામાં જણાવે છે કે તેમનું બીજું નામ 'પદ્મનન્દિ' હતું; પરંતુ ચૌદમા સૈકાના લેખોમાં તેમના પાંચ

---

+બી એલ. જૈન 'શ્રીબૃહદ્ જૈન શબ્દાર્ણવમાં ૪૪ વર્ષની વયે આચાર્યપદે આવવાનું અને લગભગ ૯૬ વર્ષની વયે સ્વર્ગારોહણ થયાનું દર્શાવે છે.

નામો નર્પવામાં આવે છે જેમકે· ઈ સ ૧૩૮૬ ના વિજય નગરના એ લેખમા આ પ્રમાણે પાંચ નામો આપ્યાં છે— પદ્મનન્દિ, કુન્દકુન્દ, +વક્રગ્રીવ +એલાચાર્ય અને +ગૃધ્રપિચ્છ

પદ્મનન્દિ નામ નન્દ્યાન્ત હોવાના કારણે ગુરુપ્રદત્ત દીક્ષા નામ હોવુ જોઈએ વળી તે નામ શ્રવણબેલગોલના શિલાલે ખમા મુદ્રિત છે આ ઉપરાંત મિ૦ ચક્રવર્તિ માર્કેશ શિલાલેખ અનુસાર તેમનુ છઠ્ઠુ નામ 'મહામતિ' કહે છે, તેને બીજા કોઈ સ્રોતથી સમર્થન મળતુ નથી સંભવ છે કે શિલાલેખના નિર્માતા કવિએ આ આચાર્યવરને પરમ સિદ્ધાન્તવેત્તા અને પ્રકાંડ વિદ્વાન માનવાના કારણે તેમનુ નામ, સ્તુતિ દાન કરતા 'મહામતિ' કહીને પણ ગણોતર કર્યું હોય।

શ્રીકુન્દકુન્દાચાર્યના પ્રાભૃતત્રયના વૃત્તિકાર શ્રીજયસેનાચાર્ય ૧૪ મી શતાબ્દિમા પંચાસ્તિકાયની ટીકાના પ્રાક્કથનમા કુમાર-નન્દિના શિષ્ય તરીકે તેમને લેખે છે નન્દિસંઘની ગુર્વાવલિ પ્રમાણે પ્રથમ આચાર્ય માઘનન્દિ પછી, જિનચંદ્ર અને પછી કુન્દકુન્દાચાર્ય ઉત્તરાધિકારી પટ્ટાધીશ તરીકે નિર્દિષ્ટ છે પરન્તુ જિનચંદ્રાચાર્યનુ નન્દિસંઘાચાર્ય દ્વારા દીક્ષિત નામ નન્દ્યાન્ત રાખવાના કારણે 'શ્રીકુમારનન્દિ' રાખ્યુ હોય તો તે સમુચિત લાગે છે આથી કુમારનન્દિ અને જિનચંદ્રાચાર્ય બન્ને એક જ છે

વિ સં ૯૯૦ મા થયેલા શ્રીદેવસેન આચાર્યે દર્શનસાર ગ્રંથમા ઉલ્લેખ કર્યો છે કે શ્રીકુન્દકુન્દાચાર્ય વિદેહક્ષેત્રમા ગયા હતા, શ્રીપંચાસ્તિકાયની ટીકામા શ્રીજયસેન આચાર્ય જણાવે છે કે

શ્રીકુન્દકુન્દાચાર્યની પ્રખર ઉડ્ડયન શક્તિ

+આ ત્રણ નામો તેમના હતા એમ નિર્ણય થતો નથી તે માટે જુઓ 'ભગવાન કુન્દકુન્દાચાર્ય—લેખક માણેકચંદ જૈન કોઠારી (?)'—પ્રકાશક દિગંબર જૈન પુસ્તકાલય—સૂરત

પ્રસિદ્ધ કથા-ન્યાય મુજબ શ્રીકુન્દકુન્દાચાર્ય જાતે પૂર્વ વિદેહમાં ગયા હતા. આ પુસ્તકના આરંભમાં આપેલા શ્રવણબેલગોલના શિલાલેખો-કે જેનો મોટો ભાગ બારમા સૈકાનો છે તે-માં પણ તેમની અદ્ધર ચાલવાની શક્તિ સંબંધી ઉલ્લેખ છે.

શ્રીકુન્દકુન્દાચાર્યના ગ્રંથો

શ્રીકુન્દકુન્દાચાર્યે ઘણા ગ્રંથો લખ્યાં છે; જેમકેઃ ૮૪ પાહુડ [પ્રકરણ-અધિકાર]. દશ ભક્તિઓ, આઠ પાહુડ, રયણસાર, નિયમસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય, સમયસાર અને આ બારસ અણુવેક્ખા. ૮૪ પાહુડમાંથી કેટલાંક ઉપલબ્ધ નથી; દશ ભક્તિઓમાંથી આઠ ભક્તિઓની પ્રત મળે છે. રયણસાર તેમનો બનાવેલો હોય કે કેમ તેના માટે વિદ્વાનોને શંકા છે. બાકીના તો પ્રસિદ્ધ છે.

આ ઉપરાંત તેમણે ષટ્ખંડાગમ મહાશાસ્ત્રનું અધ્યયન કરી તેના ત્રણ ખંડની બાર હજાર શ્લોક પ્રમાણ 'પરિકર્મ' નામક બૃહત્ ટીકા નિર્માણ કરી હતી.

બારસ અણુવેક્ખા [દ્વાદશાનુપ્રેક્ષા]

આ પુસ્તકની †૯૨ ગાથાઓ છે જૈનધર્મમાં પ્રસિદ્ધ એવી બાર ભાવનાઓદ્વારા પુદ્ગલની અનિત્યતા, સંસારનું યથાર્થ સ્વરૂપ વગેરે નિશ્ચય અને વ્યવહારથી ટૂંકમાં વર્ણવેલાં છે આમાંની

* આમાંના બાવન પ્રાભૃતના નામો 'શ્રીબૃહદ્ જૈન શબ્દાર્ણવ' ભાગ પહેલામાં પૃષ્ઠ ૧૧૮-૧૧૯ પર આપેલાં છે.

† કોઈ હસ્તલિખિત પ્રતમાં ગાથાની સંખ્યા ઓછી હોય છે. કોઈમાં ૯૧ મી ગાથા કે જેમાં શ્રીકુન્દકુન્દાચાર્યનું નામ છે તે પણ નથી. છતાં પરંપરા આ ગ્રંથને 'શ્રીકુન્દકુન્દાચાર્યરચિત' દર્શાવે છે તેમાં પ્રાચીનતાની છાપ પડે છે.

કેટલીક ગાથાઓ ‡‡મૂલાચારના આઠમા પ્રકરણમાંની ગાથાઓ સાથે સમાન છે પાંચ ગાથાઓ ક્રમબદ્ધ 'સર્વાર્થસિદ્ધિ' માં શ્રી પૂજ્યપાદ સ્વામીએ લીધેલી છે, કેટલીક ગાથાઓ ઓછાવત્તા શબ્દોના ફેરફાર સાથે સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષાની ગાથાઓને મળતી છે આથી એમ લાગે છે કે આ પુસ્તકમાંથી વિચારો અને વાક્યો પાછળના અનુપ્રેક્ષા પરના ગ્રંથોમાં અને લેખોમાં ઉદ્ધૃત અને વિસ્તૃત થયેલાં છે.

શ્રીકુન્દકુન્દાચાર્યે રચેલાં ગ્રંથોથી જૈન સાહિત્ય દૈદીપ્યમાન થઈ રહેલ છે આધ્યાત્મિક ગ્રંથોના રચયિતા, તેમના જેવા અન્ય કોઈ થયેલ નથી તેમના રચેલા ગ્રંથો પ્રાકૃત ભાષામાં છે. તેઓ અગાધ પાંડિત્યને પ્રાપ્ત હોવા છતાં પ્રાકૃત જેવી સરળ ભાષામાં તેમની ગ્રંથ-રચના થયેલી છે તે એમ સૂચવે છે કે પોતે સંસ્કૃતના પ્રસિદ્ધ ગ્રંથકર્તા બનવાની અપેક્ષાએ જનતાને મોક્ષમાર્ગમાં જોડવાનું તેમને બહુ પ્રિય હતું આથી પાઠક જાણી શકશે કે તે સમયે જ્યારે સાગર દેશમાં પ્રાકૃત ભાષા બોલાતી હતી ત્યારે તેમના પ્રાકૃત ગ્રંથોએ કેટલાય જીવો પર ઉપકાર કર્યો હશે-કેટલાય જીવોને મોક્ષમાર્ગ-સન્મુખ કર્યા હશે !

આ નાની પુસ્તિકામાં આટલી લાંબી પ્રસ્તાવના લખવાની આવશ્યકતા એ છે કે તેમની એક મહાન્ આચાર્ય અને તત્ત્વજ્ઞ, અધ્યાત્મી સત્પુરુષ તરીકે ગુજરાત, કાઠિયાવાડના વાચકોના હૃદય ઉપર છાપ પડે તેમના પછીના આચાર્યરચિત તત્ત્વવિષયક સાહિત્ય-ગ્રંથો જેઓ જોતા હોય તથા હુંગરીમાં બિરાજતા પૂજ્ય

‡‡ મૂલાચારની કેટલીક બાબત, ભાષાશૈલી, વિષય-મૌલિકતા, માર્મિક વિવેચન વગેરે સ્વામી કુન્દકુન્દાચાર્યરચિત પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર સદૃશ ઉચ્ચ કોટિના છે તે પરથી કેટલાક વિદ્વાનો એમ માને છે કે મૂલાચારના રચયિતા શ્રીકુન્દકુન્દાચાર્ય છે.

પંડિત શ્રીગણેશપ્રસાદ વર્ણીજી અને સોનગઢ ( કાઠિયાવાડમાં ) બિરાજતા પૂજ્ય પરમકૃપાળુ આત્માર્થી સત્પુરુષ શ્રીકાનજી-સ્વામીદ્વારા તે સંતના આધ્યાત્મિક ગ્રંથોમાંથી અપાતા રસિક તાત્ત્વિક પ્રવચનો જેઓ શ્રવણ કરતા હોય તેમને જ તેમના પ્રત્યેના ભક્તિ, પૂજન, સ્મરણ વગેરેનો ખ્યાલ આવે

ટૂંકમાં, લગભગ દોઢ હજાર વર્ષ પહેલાં જૈન સાહિત્યરૂપ આકાશમાં એક એવો શાન્ત, નિર્મળ ચન્દ્ર ઉદિત હતો કે જેની ચંદ્રિકાથી સારોય દુઃખસતપ્ત સંસાર આજસુધી ધવલિત અને શાન્તસુધાસંસિક્ત થઈ રહ્યો છે.

' જે આચાર્ય ભગવાને જ્ઞાન અને દર્શન આપ્યા તથા ચારિત્રનો માર્ગ સુલભ કરી આપ્યો તે મુનીશ્વર શ્રીકુન્દકુન્દાચાર્ય સ્વામી માટે શ્રીઅધ્યાત્મપ્રેમી સંઘ તો કવિશ્રી વૃન્દાવનદાસજીના શબ્દોમાં એમ જ કહે કે.

> विशुद्ध बुद्धि वृद्धिदा, प्रसिद्ध ऋद्धि सिद्धिदा।
> हुए न, हैं न होहिंगे मुनिंद कुन्दकुन्दसे ॥

૧૯૯૮ શરત્પૂર્ણિમા )  
સોનગઢ-કાઠિયાવાડ )

સતસેવક,  
ભાયાણી હરિલાલ જીવરાજભાઈ

# નિવેદન

આત્માર્થી પાઠક ! આજ હું આપ સમીપે બારસ-અણુવેક્ખા [ દ્વાદશાનુપ્રેક્ષા ] નામક દુષ્પ્રાપ્ય ગ્રંથરત્નની ભેટ ધરું છું તેના રચયિતા સુપ્રસિદ્ધ તત્ત્વજ્ઞ, અધ્યાત્મી સતપુરુષ શ્રી કુન્દકુન્દાચાર્ય છે તેમના જીવન, આધ્યાત્મિકતા આદિ વિષે યત્ કિંચિત્ આમુખ [ પ્રસ્તાવના ] મા લખેલ છે

આ પુસ્તક બત્રીસ વર્ષ પહેલા હિન્દી અનુવાદસહ પ્રગટ થયેલ હતુ, તે અત્યારે દુષ્પ્રાપ્ય છે હિન્દી અનુવાદકે તેમના પુસ્તકની પ્રસ્તાવનામા લખ્યુ છે કે —

‘ इस ग्रन्थका उद्धार हमने एक ऐसे हस्तलिखित गुटके परसे किया है, जो अतिशय जीर्ण-शीर्ण और प्राचीन है । यह गुटका बहुत ही कम होगा, तो लगभग चारसौ पाचसौ वर्षका लिखा हुआ होगा ॥ इसपर सवत् १६३६ की लिखी हुइ तो उसके एक स्वामीकी प्रशस्ति लिखी हुइ है, जिसने कि किसी दूसरेसे ले कर उसपर अपना स्वामित्व स्थापन किया था । प्राय प्रत्येक पत्रके चारों किनारे विशेष करके नीचेका किनारा झड जानेसे अनेक अक्षर बिलकुल ही चल गये है । यदि यह ग्रन्थ कुछ दिनों और इसी दशामें पडा रहता और जैसा कि हम समझते हैं, अन्यत्र कहीं इसकी प्रति नहि होगी, तो, आश्चर्य नहीं कि, ससारसे अन्य अनेक ग्रन्थोंके समान इसका भी नामशेष हो जाता ॥ ’

બારસ અણુવેક્ખા [ દ્વાદશાનુપ્રેક્ષા ] એટલે બાર ચિંતવન; આ બાર અનુપ્રેક્ષા વિવિધ કારણે અગ્રસ્થાને છે, કેમકે તેમના

પરંતુ મનન કર્મજન્ય અંતઃપ્રવાહની અટકાયતનું કારણ છે; જૈનધર્મના ઘણા વિષય-સમ્મિલિત આ અનુપ્રેક્ષાઓ પરની ચર્ચા જૈન લેખકોને ચિત્તાકર્ષક વિષયરૂપ પ્રમાણિત થયેલ છે તેથી ઘણા ગ્રંથોમાં આ વિષયને ખાસ સ્થાન આપવામા આવે છે; જેવાં કે: પદ્મનન્દિપંચવિંશતિકા, તત્ત્વાર્થસૂત્ર, રત્નકરંડશ્રાવકાચાર, બૃહદ્દ્રવ્યસંગ્રહ, મૂલાચાર, ભગવતી આરાધના, જ્ઞાનાર્ણવ, અમિતગતિશ્રાવકાચાર, અણગારધર્મામૃત વગેરે દિગંબર ગ્રંથો; તેમજ ઉત્તરાધ્યયનસૂત્ર, ભવભાવના, મરણસમાધિ પયન્નો, આગમસાર, જૈન તત્ત્વાદર્શ, પ્રવચનસારોદ્ધાર, યોગશાસ્ત્ર વગેરે શ્વેતામ્બર ગ્રંથો. તદુપરાંત દ્વાદશભાવના વિષયક સ્વતંત્ર ગ્રંથો જોવામા આવે છે; જેવાં કે: સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા, સોમદેવરચિત દ્વાદશાનુપ્રેક્ષા વગેરે દિગમ્બરી ગ્રંથ; તેમજ શાન્તસુધારસભાવના, ભાવનાશતક વગેરે શ્વેતામ્બર ગ્રંથ.

પરમકૃપાળુ શ્રીમદ્રાજચંદ્ર પણ બાર ભાવના વૈરાગ્યપૂર્ણ ભાષાથી લખી સંસારની અસારતા, દેહની અનિત્યતા, આત્માની નિત્યતાનું જ્ઞાન કરાવે છે. અને વાચકના હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન કરે છે. તેવી રીતે ઘણા મુનિમહારાજો, અનેક જૈન વિદ્વાનો આ બાર ભાવના પર ગદ્ય અને પદ્યથી પ્રાકૃત, સંસ્કૃત, કેનેડી, હિન્દી, ગુજરાતી ભાષામાં ઘણું લખી ગયા છે અને લખે છે.

આ દ્વાદશાનુપ્રેક્ષા પર એક સંસ્કૃત ટીકા ઇડર ગાદીના ભટ્ટારક શ્રીસકલકીર્તિજીએ લખેલી છે જે હાલ દુષ્પ્રાપ્ય છે; પણ તે પરથી પંડિત કૃષ્ણજીએ વિ. સં. ૧૯૬૬ માં એક પદ્યાનુવાદ કરેલ છે અને તે ઇડર જૈન દિગંબર પાઠશાળાના અધ્યાપક તરફથી મુદ્રિત થયેલ છે.

આ દ્વાદશાનુપ્રેક્ષામાં દરેક અનુપ્રેક્ષા સમયસારની રચનાશૈલિ અનુસાર [illegible] દ્દષ્ટાન્તથી વર્ણવી છે. આ

વર્ણવ્યા પછી 'નય પણ ઉપેક્ષણીય છે અને એક શુદ્ધ આત્મા જ ઉપાસનીય છે' એમ ઉપદેશ આપેલ છે.

શ્રીમત્ કુન્દકુન્દાચાર્યવિરચિત આધ્યાત્મિક, વૈરાગ્યપૂર્ણ આ દ્વાદશાનુપ્રેક્ષા પુસ્તકમાં તેમના જ રચેલાં ગ્રંથો [સમયસાર વગેરે]ના આધારો આપી તથા શ્રાવકની અગ્યાર પ્રતિમાનો વિષય શ્રી-કાર્તિકેયાનુપ્રેક્ષામાંથી વિસ્તારપૂર્વક આપી આ ભાવના-વિષયને પુષ્ટ, રસપ્રદ અને સમૃદ્ધ કરેલ છે; તથા સ્વ૦ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રરચિત છંદ, કાવ્યો પણ પ્રસંગોપાત આપેલ છે; તેમજ સ્વ૦ પંડિત શ્રીબનારસીદાસજીના રસિક સવૈયા, દોહા વિષયોચિત આપી, અને સ્વ૦ કવિ શ્રીભૂધરદાસ રચિત હિન્દી બાર ભાવનાના દોહા દરેક ભાવનામાં દાખલ કરી આ પુસ્તકને હૃદયગ્રાહી બનાવવા યથાશક્તિ પ્રયાસ કર્યો છે.

વિદ્વાન સંશોધક શ્રીયુત નાથુરામ પ્રેમીજીએ હિન્દી દ્વાદશાનુપ્રેક્ષાનો ગુજરાતી અનુવાદ પ્રકટ કરવાને સહર્ષ સમ્મતિ દર્શાવી છે [illegible] માટે તેમનો આભારી છું.

આ ગ્રંથની મૂળ ગાથા, સંસ્કૃત છાયા વિશાલહૃદયી, સરળ-સ્વભાવી વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજે પોતાની અસ્વસ્થ તબિયતમાં પણ સુધારી આપવા કૃપા કરી [illegible] તે માટે તેઓશ્રીનો હૃદયપૂર્વક ઉપકાર માનું છું.

મુરબ્બી શ્રી વકીલ રામજીભાઈ માણેકચંદ દોશીએ આ ગ્રંથ આદ્યંત વાંચી સ્ખલનાઓ દૂર કરી ભૂલો સુધારી આપી છે તે બદલ તેમનો પણ ઋણી છું.

સ્વધર્મી બંધુ શ્રી મૂલચંદભાઈ હીરાનદાસ કાપડિયાએ આ પુસ્તિકાને સુશોભિત અને ઉપયોગી બનાવવા ચિત્રોના બ્લોકસ વાપરવા આપી સૌજન્ય દર્શાવ્યું છે તે માટે હું કૃતજ્ઞ છું.

આ દુષ્પ્રાપ્ય ગ્રંથ ગુજરાત-કાઠિયાવાડના આત્માર્થી ભાઈઓ

અને બહેનોના સદુપયોગાર્થે પ્રકાશમાં લાવવાનું માન પોરબંદર નિવાસી શ્રીયુત નેમિદાસ ખુશાલદાસને ઘટે છે; તેમણે કાગળની સખ્ત મોંઘવારીના સમયમાં છપાવી, ઓછી કિંમતે વેચાવી પોતાને પ્રાપ્ત લક્ષ્મીનો આત્મશ્રેયાર્થે સદુપયોગ કર્યો છે; તેવી રીતે અન્ય શ્રીમાન ઉદાર ગૃહસ્થો તેમનું અનુકરણ કરી પોતાને પ્રાપ્ત લક્ષ્મીનો આવા જ્ઞાન-પ્રભાવના શુભ કાર્યમાં સદુપયોગ કરશે તો પુન્યોપાર્જન કરવા ભાગ્યશાળી થશે.

આ પુસ્તક પ્રગટ કરવામાં અનેક શાસ્ત્રગ્રંથો, લેખોની મદદ લીધી છે તેથી તેમના સંપાદકોનો ઉપકૃત છું તથા આ પુસ્તકમાં રહેલ સ્ખલનાઓ માટે ક્ષમા યાચી તે દર્શાવવા પ્રાર્થના કરું છું.

છેવટે શ્રીમત્ કુન્દકુન્દાચાર્ય દેવના શબ્દોમાં કહેવાનું કે—

किं पलवियेण बहुणा जे सिद्धा णरवरा गये काले ।
सिज्झिहहि जे वि भविया तज्जाणह तस्स माहप्पं ॥९०॥

અર્થ.—આ વિષયમાં અધિક કહેવાથી શું? એટલું જ કહું છું કે ભૂતકાળમાં જે શ્રેષ્ઠ પુરુષો સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં જે ભવ્યો પણ સિદ્ધ થશે તે [આ ભાવનાઓનું ચિંતવન કરીને જ]. તે આ ભાવનાનું જ માહાત્મ્ય જાણો. ૯૦.

એ ન્યાયે મુમુક્ષુઓ આ વૈરાગ્યપૂર્ણ, આધ્યાત્મિક ચિંતનમાં વણેલ બાર ભાવનાઓના વાંચન અને ચિંતવન-મનન કરી સિદ્ધિને પામો એમ હૃદયપૂર્વક ભાવના ભાવી વિરમું છું.

મકરસંક્રાન્તિ-વિ. સં. ૧૯૯૯ }
સોનગઢ (કાઠિયાવાડ) } ભાયાણી હરિલાલ જીવનલાલ

લેખક

આ પુસ્તિકામાંના ડીબાં [કાઉંસ] કેટલેક સ્થળે ભૂલથી થયા છે તેથી શુદ્ધિ અનુસાર પુસ્તક શુદ્ધ કરી [illegible] કરવા વિનતિ છે.

# સૂચિ

॥ श्रीवीतरागायनमः ॥

श्रीमत्कुन्दकुन्दाचार्य विरचिता

# बारस अणुवेक्खा

[ द्वादशानुप्रेक्षा ]

---

णमिऊण सव्वसिद्धे झाणुत्तमखविददीहसंसारे ।
दस दस दो दो य जिणे दस दो अणुपेहणं वोच्छे ॥ १ ॥

[ संस्कृत छाया ]

नत्वा सर्वसिद्धान् ध्यानोत्तमक्षपितदीर्घसंसारान् ।
दश दश द्वौ द्वौ च जिनान् दश द्वे अनुप्रेक्षा वक्ष्ये ॥ १ ॥

અર્થ:-પોતાના પરમ શુક્લ ધ્યાનથી દીર્ઘ સંસારને ક્ષય કરનાર સર્વ સિદ્ધોને તથા ચોવીશ તીર્થંકરોને નમસ્કાર કરી હું બાર ભાવનાઓનું સ્વરૂપ કહું છું. ૧.

अद्धुवमसरणमेगत्तमण्णसंसार लोगमसुचित्तं ।
आसव संवर णिज्झर धम्मं बोहिं च चिंतेज्जा ॥ २ ॥

अध्रुवमशरणमेकत्वमन्यसंसारौ लोकमशुचित्वं ।
आस्रव संवर निर्जरा धर्मं बोधिं च चिन्तयेत् ॥ २ ॥

અર્થ:-અનિત્ય અશરણ, એકત્વ, અન્યત્વ, સંસાર, લોક, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, ધર્મ અને બોધિ આ બાર . કરવું જોઈએ. ૨.

## ૧ *અનિત્ય ભાવના

वरभवणजाणवाहणसयणासण देवमणुयरायाणं ।
मादुपिदुसजणभिच्चसंबंधिणो य पिदि वि याणिच्चा ॥ २ ॥

वरभवनयानवाहनशयनासनानि देवमनुजराजानाम् ।
मातृपितृस्वजनभृत्यसम्बन्धिनश्च पियाऽपि चानित्याः ॥ २ ॥

અર્થ—દેવોના, મનુષ્યોના અને રાજાઓના સુંદર મહેલ, રથ, વાહન, શય્યા, આસન, માતા, પિતા, કુટુમ્બીજન, સેવક, સંબંધીઓ અને પ્રિયા આદિ સર્વ અનિત્ય છે અર્થાત્ એ કોઈ સદા રહેનારાં નથી; અવધિ [નિશ્ચય સમય] થયે સર્વ અલગ પડી જશે. ૩

सामग्गिंदियरूवं आरोग्गं जोव्वणं बल तेजं ।
सोहग्गं लावण्ण सुरधणुमिव सस्सय ण हवे ॥ ४ ॥

---

દોહા

*રાજા રાણા છત્રપતિ હાથિન કે અસવાર ।
મરના સબકો એક દિન, અપની અપની વાર ॥
અપની અપની વાર સર્વ પ્રાણી જુ અવસિ મર જાવૈં ।
અન્ય સમસ્ત પદારથ જગમેં કોઈ થિર ન રહાવૈં ॥
યે પરત્યક્ષ મોહવશ મનમેં રાગ રુ દ્વેષ બઢાવૈં ।
તાતૈં પરમેં રાગ-રોષ તજ જો ઉત્તમ પદ પાવૈં ॥

સ્વ. કવિ શ્રીભૂધરદાસ.

ઉપજાતિ છંદ

વિદ્યુત્ લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચિયે ત્યાં ક્ષણનો પ્રસંગ!

સ્વ. શ્રીમદ્ રાજચંદ્ર.

समग्रेन्द्रियरूपं आरोग्यं यौवनं बलं तेजः ।
सौभाग्यं लावण्यं सुरधनुरिव शाश्वतं न भवेत् ॥ ४ ॥

અર્થઃ-જેવી રીતે આકાશમાં પ્રગટ થતું ઇન્દ્રધનુષ્ય થોડી જ વાર દેખાઈ પછી રહેતું નથી અર્થાત્ અદૃશ્ય થઈ જાય છે, તેવી જ રીતે પાંચે ઇન્દ્રિયોનું સ્વરૂપ, આરોગ્ય [નિરોગતા] યૌવન [જુવાની], બળ, તેજ, સૌભાગ્ય અને સૌંદર્ય [રૂપ] સદા શાશ્વત રહેતાં નથી અર્થાત્ એ સર્વ નિરંતર એક સરખાં રહેતાં નથી-ક્ષણભંગુર છે ૪

जलबुब्बुदसक्कधणुखणरुचिघणसोहमिव थिरं ण हवे ।
अहमिंदट्ठाणाइं बलदेवप्पहुदिपज्जाया ॥ ५ ॥
जलबुद्बुदशक्रधनुः क्षणरुचिघनशोभेव स्थिरं न भवेत् ।
अहमिन्द्रस्थानानि बलदेवप्रभृतिपर्यायाः ॥ ५ ॥

અર્થ-અહમિન્દ્રોની પદવીઓ અને બલદેવ, નારાયણ, ચક્રવર્તી આદિના પર્યાયો પાણીના પરપોટા સમાન, ઇન્દ્રધનુષ્યની શોભા સમાન, વીજળીની ચમક સમાન અને વાદળોની રંગબેરંગી શોભા સમાન સ્થિર નથી અર્થાત્ થોડા જ સમયમાં નષ્ટ થઈ જનારા છે ૫.

*जीवणिबद्धं देहं खीरोदयमिव विणस्सदे सिग्घं ।
भोगोपभोगकारणदव्वं णिच्चं कहं होदि ॥ ६ ॥

---

*एएहि य संबंधो, जहेव खीरोदयं मुणेदव्वो ।
णय हुंति तस्स ताणि, दु उवओगगुणाधिगो जम्हा ॥ ५७ ॥

અર્થઃ-આ વર્ણાદિ ભાવો સાથે જીવનો સંબંધ, જળને અને દૂધને એક ક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે તેવો જાણવો અને તેઓ તે જીવના નથી, કારણ કે જીવ તેમનાથી ઉપયોગગુણવડે જુદો જણાય છે ૫૭ समयसार ।

जीवनिबद्धो देहः क्षीरोदकमिव विनश्यति शीघ्रम् ।
भोगोपभोगकारणद्रव्यं नित्यं कथं भवति ॥ ६ ॥

અર્થ –જેમ જીવનિબદ્ધ શરીર [ જીવ સાથે બંધાયેલ શરીર ] જ દૂધમાં ભળી ગયેલ પાણી માફક શીઘ્ર નષ્ટ થઈ જાય છે તેમ ભોગ અને ઉપભોગના કારણ રૂપ પદાર્થ કેવી રીતે નિત્ય હોઈ શકે? અભિપ્રાય એ છે કે દૂધ–પાણી માફક જીવ અને શરીર એવી રીતે મળીને એકમેક થઈ રહે છે કે જુદાં માલૂમ પડતા નથી. પરન્તુ આટલી સઘનતાથી મળેલ છતાં પણ એ બન્ને પદાર્થ મૃત્યુ આવ્યે અલગ–અલગ થઈ જાય છે ત્યારે ભોગ અને ઉપભોગના પદાર્થો જે શરીરથી પ્રત્યક્ષ જુદાં તથા દૂર છે તે કેવી રીતે નિત્ય હોઈ શકે? ૬

परमट्ठेण दु आदा देवासुरमणुवरायविहवेहिं ।
वदिरित्तो सो अप्पा सस्सदमिदि चिंतए णिच्चं ॥ ७ ॥
परमार्थेन तु आत्मा देवासुरमनुजराजविभवैः ।
व्यतिरिक्तः स आत्मा शाश्वत् इति चिन्तयेत् नित्यम् ॥ ७ ॥

અર્થ –શુદ્ધ નિશ્ચય નયથી [ યથાર્થપણે ] આત્માનુ સ્વરૂપ [ સદૈવ એવુ ચિંતવવુ જોઈએ કે તે ] દેવ, અસુર, મનુષ્ય અને રાજાના વૈભવ આદિથી વ્યતિરિક્ત [ ભિન્ન ] છે તે *આત્મા જ્ઞાનસ્વરૂપ માત્ર છે અને સદા †શાશ્વત છે એમ ચિંતવવુ. ७

---

*आदा खु मज्झ णाणं, आदा मे दंसणं चरित्तं च ।
आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो ॥ २७७ ॥

અર્થ —નિશ્ચયથી [ પરમાર્થથી ] મારો આત્મા જ જ્ઞાન છે, મારો આત્મા જ દર્શન અને ચારિત્ર છે મારો આત્મા જ પ્રત્યાખ્યાન છે, મારો આત્મા જ સંવર અને યોગ [ સમાધિ ] છે  समयसार ।

## ૨. [1]અશરણ ભાવના

मणिमंतोसहरक्खा हयगयरहओ य सयलविज्जाओ ।
जीवाणं ण हि सरणं तिसु लोए मरणसमयम्हि ॥ ८ ॥
मणिमन्त्रौषधरक्षाः हयगजरथाश्च सकलविद्याः ।
जीवानां न हि शरणं त्रिषु लोकेषु मरणसमये ॥ ८ ॥

સવૈયા તેવીસા

[2]જ્યોં કલવૌત સુનારકી સંગતિ, ભૂષન નામ કહે સબ કોઈ।
કંચનતા ન મિટી તિહિ હેતુ, વહે ફિરિ ઔટિકે કંચન હોઈ ॥
ત્યોં યહ જીવ–અજીવ સંજોગ, ભયૌ બહુરૂપ ભયૌ નહિ દોઈ।
ચેતનતા ન ગઈ કબહૂ, તિહિ કારન બ્રહ્મ કહાવત સોઈ ॥ ૧૨।

બનારસીદાસ સમયસાર નાટક.

દોહા

[3]દલ બલ દેઈ દેવતા, માતપિતા પરિવાર।
મરતી વિરિયાં જીવકો, કોઈ ન રાખનહાર ॥
કોઈ ન રાખનહાર જીવકે જબ અંતિમ દિન આવૈ।
ઔષધ યંત્ર મંત્ર કો સરના ગહે કિ કોઈ ન બચાવે ॥
રત્નત્રય ધર્મ હિ ઇક સરના યહી સર્વ જન ગાવૈ।
તાતેં સબ કી સરન છાર ગહુ ધર્મ મુક્તિપદ પાવૈ ॥

સ્વ. કવિ શ્રીભૂધરદાસ.

ઉપજાતિ છંદ

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,
અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

સ્વ. શ્રીમદ્ રાજચંદ્ર

૧ સોની, ૨ સાજ્જાથી, ૩ અન્ય, ૪ પરમાત્મસ્વરૂપ. ૫

અર્થ-મરણ સમયે જીવોને ત્રણે લોકમાં મણિ, મન્ત્ર, ઔષધિ, રક્ષક, ઘોડા, હાથી, રથ અને સકલ વિદ્યાઓ શરણ નથી; અર્થાત્ એ સર્વ તેમને મૃત્યુથી બચાવી શકતાં નથી. ૮.

सग्गो हवे हि दुग्गं भिच्चा देवा य पहरणं वज्जं ।
अइरावणो गइंदो इंदस्स ण विज्जदे सरणं ॥ ९ ॥
स्वर्गो भवेत् हि दुर्गं भृत्या देवाश्च प्रहरणं वज्रम् ।
ऐरावणो गजेन्द्रः इन्द्रस्य न विद्यते शरणम् ॥ ९ ॥

અર્થ.-જે ઇન્દ્રને સ્વર્ગ તો કિલ્લો છે, દેવો નોકર-ચાકર છે, વજ્ર તો હથિયાર છે અને ઐરાવત જેવો શ્રેષ્ઠ હાથી છે તેને પણ કોઈ શરણ નથી અર્થાત્ આવી શ્રેષ્ઠ સામગ્રીઓનું અસ્તિત્વ છતાં પણ કોઈ તેને બચાવી શકતું નથી. તો હે દીન જીવો! તમને કોણ બચાવી શકશે? ૯

णवणिहि चउदहरयणं हयमत्तगइंद चाउरंगबलं ।
चक्केसस्स ण सरणं पेच्छंतो कद्दिये काले ॥ १० ॥
नवनिधयः चतुर्दशरत्नानि हयमत्तगजेन्द्र चतुरङ्गबलम् ।
चक्रेशस्य न शरणं पश्यत कर्दिते कालेन ॥ १० ॥

અર્થ.-હે ભવ્ય જનો! દેખો; આ રીતે કાળની [ આવી પહોંચ્યાની ] ગર્જના થતાં નવ[1] નિધિઓ, ચૌદ[2] રત્નો, ઘોડા,

---

1 નવનિધિઓ-કાળનિધિ, મહાકાળનિધિ, માણવકનિધિ, પિંગલનિધિ, નૈસર્પનિધિ, પદ્મનિધિ, પાંડુનિધિ, શંખનિધિ, રત્નનિધિ.

2 ચૌદ રત્નો -સેનાપતિ, ગૃહપતિ, શિલ્પકાર, પુરોહિત, સ્ત્રી, હસ્તી, અશ્વ-એ સચેત રત્નો અને કાકિણીમણિ, ચક્રરત્ન, ચૂડામણિ, ચર્મ, છત્ર, ખડ્ગ, દંડ-એ અચેત રત્નો

મત્ત, ઉત્તમ હાથીઓ અને ચતુરંગિણી[1] સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી; અર્થાત્ જ્યારે મૃત્યુ આવે છે ત્યારે ચક્રવર્તીને પણ ખબર પડે છે કે તેનો અપાર વૈભવ તેને બચાવી શકતો નથી. ૧૦

जाइजरमरणरोगभयदो रक्खेदि अप्पणो अप्पा ।
तम्हा आदा सरणं बंधोदयसत्तकम्मवदिरित्तो ॥ ११ ॥

जातिजरामरणरोगभयतः रक्षति आत्मानं आत्मा ।
तस्मादात्मा शरणं बन्धोदयसत्त्वकर्मव्यतिरिक्तः ॥ ११ ॥

અર્થ-આત્મા જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાની રક્ષા કરે છે; તેથી [નિશ્ચય નયે-વાસ્તવિકપણે] *કર્મોના બંધ, ઉદય અને સત્તા [અવસ્થા] થી ભિન્ન આત્મા જ આ સંસારમાં શરણ છે અર્થાત્ સંસારમાં પોતાના આત્મા સિવાય અન્ય કોઈ પોતાની રક્ષા કરનાર નથી તે પોતે જ કર્મોને ખપાવી જન્મ, જરા, મરણાદિના દુઃખોથી બચી શકે છે ૧૧

†अरुहा सिद्धा आइरिया उवज्झाया साहू पंचपरमेट्ठी ।
ते वि हु चेट्ठदि आदे तम्हा आदा हु मे सरणं ॥ १२ ॥

---

૧ ચતુરંગિણી સેના-અશ્વ, હાથી, રથ અને સેના એના ચાર અંગ છે તે.

*जीवणिबद्धा एए अधुव अणिच्चा तहा असरणा य
दुक्खा दुक्खफलात्ति य णादूण णिवत्तए तेहिं ॥ ७४ ॥

અન્વયાર્થ-આ કર્મરૂપ આસ્રવો જીવ સાથે નિબદ્ધ છે, અધ્રુવ છે, અનિત્ય છે, તેમ જ અશરણ છે વળી તેઓ દુઃખરૂપ છે, દુઃખ જ જેનું ફળ છે એવા છે,-એવું જાણી જ્ઞાની તેમનાથી નિવૃત્તિ કરે છે.

समयसार।

अर्हन्तः सिद्धाः आचार्या उपाध्यायाः साधवः पञ्चपरमेष्ठिनः ।
ते पि हि तिष्ठन्ति आत्मनि तस्मात् आत्मा हि मे शरणम् ॥ १२ ॥

અર્થ:–અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ–એ પાંચે પરમેષ્ઠીઓ આ આત્માના જ પરિણામ છે; અર્થાત્ અરહંતાદિ અવસ્થાઓ આત્માની જ છે. આત્મા જ તપશ્ચરણ આદિ કરીને આ પદને પામે છે તેથી આત્મા જ મને શરણ છે. ૧૨.

+सम्मत्तं सण्णाणं सच्चारित्तं च सत्तवो चेव ।
चउरो चेट्ठदि आदे तम्हा आदा हु मे सरणं ॥ १३ ॥
सम्यक्त्वं सद्ज्ञानं सच्चारित्रं च सत्तपश्चैव ।
चत्वारि तिष्ठन्ति आत्मनि तस्मात् आत्मा हि मे शरणम् ॥१३॥

અર્થ:–એ પ્રમાણે આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ–એ ચાર અવસ્થાઓ પણ થાય છે અર્થાત્ સમ્યગ્દર્શનાદિ આત્માના જ પરિણામ છે તેથી આત્મા જ મને શરણ છે. ૧૩.

---

## ૩. *એકત્વ ભાવના

एक्को करेदि कम्मं एक्को हिंडदि य दीहसंसारे ।
एक्को जायदि मरदि य, तस्स फलं भुंजदे एक्को ॥ १४ ॥

---

+૧૨ ને ૧૩ ગાથા શ્રીકુન્દકુન્દાચાર્ય રચિત મોક્ષપાહુડમાં (ગાથા ૧૦૪–૧૦૫માં)

દોહા

* આપ અકેલો અવતરે, મરે અકેલો હોય ।
યૂં કબહૂં ઇસ જીવકો, સાથી સગા ન કોય ॥
સાથી સગા ન કોય, મરન કર જબ પરભવમેં જાવે ।
માત પિતા સુત દારા, પ્રિય જન કોઈ ન સાથી આવે ॥

एकः करोति कर्म एकः हिण्डति च दीर्घसंसारे ।
एकः जायते म्रियते च, तस्य फलं भुङ्क्ते एकः ॥ १४ ॥

અર્થ—આ આત્મા એકલો જ શુભાશુભ કર્મ બાંધે છે, એકલો જ દીર્ઘ સંસારમાં પરિભ્રમણ કરે છે; એકલો જ જન્મે છે, એકલો જ મરે છે અને એકલો જ પોતાના કર્મનું ફળ ભોગવે છે; અન્ય કોઈ તેનો સાથી નથી ૧૪.

एक्को करेइ पावं विसयणिमित्तेण तिव्वलोहेण ।
णिरयतिरियेसु जीवो तस्स फलं भुंजदे एक्को ॥ १५ ॥

एकः करोति पापं विषयनिमित्तेन तीव्रलोभेन ।
निरयतिर्यक्षु जीवो तस्य फलं भुङ्क्ते एकः ॥ १५ ॥

અર્થ.—આ જીવ પાંચ ઇન્દ્રિયના વિષયોને વશ થઈ તીવ્ર લોભથી એકલો જ પાપ કરે છે અને નરક તથા તિર્યંચ ગતિમાં એકલો જ તેનું ફળ ભોગવે છે; અર્થાત્ તેના દુઃખોની ભાગીદારી કોઈ પણ કરતું નથી. ૧૫.

एक्को करेदि पुण्णं धम्मणिमित्तेण पत्तदाणेण ।
मणुवदेवेसु जीवो तस्स फलं भुंजदे एक्को ॥ १६ ॥

---

પુણ્ય પાપ યા ધર્મ હિ સાથી, તન, ધન, યહીં રહાવે ।
સુખ દુઃખ સબ હી ઇકલા ભુગતે ઇકલા અહું ગતિ ધાવે ॥
સ્વ. કવિ શ્રીબુધજહાન

ઉપજાતિ છંદ
શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય,
એ ભોગવે એક સ્વ આત્મ પોતે, એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.
સ્વ. શ્રીમદ્ રાજચંદ્ર.

एकः करोति पुण्यं धर्मनिमित्तेन पात्रदानेन ।
मानवदेवेषु जीवो तस्य फलं भुङ्क्ते एकः ॥ १६ ॥

અર્થ—આ જીવ એકલો જ ધર્મ નિમિત્તે પાત્રદાનથી પુણ્ય કરે છે અને એકલો જ મનુષ્ય તથા દેવગતિમાં તેનું ફળ ભોગવે છે ૧૬

[1]उत्तमपत्तं भणियं सम्मत्तगुणेण संजुदो साहू ।
सम्मादिट्ठी सावय मज्झिमपत्तो हु विण्णेयो ॥ १७ ॥
उत्तमपात्रं भणितं सम्यक्त्वगुणेन संयुतः साधुः ।
सम्यग्दृष्टिः श्रावको मध्यमपात्रम् हि विज्ञेयः ॥ १७ ॥

અર્થ—જે સમ્યક્ત્વ-ગુણ સહિત મુનિ છે તેને ઉત્તમ પાત્ર કહ્યુ છે અને જે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે તેને પણ મધ્યમ પાત્ર સમજવું જોઇએ. ૧૭

[1]णिद्दिट्ठो जिणसमये अविरदसम्मो जहण्णपत्तोत्ति ।
सम्मत्तरयणरहियो अपत्तमिदि संपरिक्खेज्जो ॥ १८ ॥
निर्दिष्टः जिनसमये अविरतसम्यक्त्वः जघन्यपात्रं इति ।
सम्यक्त्वरत्नरहितः अपात्रमिति सपरीक्ष्यः ॥ १८ ॥

અર્થ—જિન ભગવાનના મતમાં વ્રતરહિત સમ્યગ્દૃષ્ટિને જઘન્યપાત્ર કહ્યુ છે અને સમ્યક્ત્વ-રત્નરહિત જીવને અપાત્ર માન્યું છે આ પ્રમાણે પાત્ર-અપાત્રની પરીક્ષા કરવી જોઇએ. ૧૮.

*दंसणभट्ठा भट्ठा दंसणभट्ठस्स णत्थि णिव्वाणं ।
सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति ॥ १९ ॥

---

1 ૧૭-૧૮ મી ગાથા સંબંધી વર્ણન 'શ્રીસુદૃષ્ટિતરંગિણી, શ્રીઅમિતગતિ શ્રાવકાચાર' માં વર્ણું છે

* આ ગાથા કુન્દકુન્દાચાર્ય વિરચિત 'શ્રીદર્શન પાહુડ'માં [ત્રીજી ગાથા] છે.

दर्शनभ्रष्टा भ्रष्टाः दर्शनभ्रष्टस्य नास्ति निर्वाणम् ।
सिद्धयन्ति चरित्रभ्रष्टा दर्शनभ्रष्टा न सिद्धयान्ति ॥ १९ ॥

અર્થ–જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે યથાર્થપણે ભ્રષ્ટ છે; કેમકે દર્શનભ્રષ્ટ જીવને મોક્ષ થતો નથી જે ચારિત્રથી ભ્રષ્ટ છે તે તો સીઝી જાય છે–નિસ્તારને પામે છે. પરંતુ જે દર્શનથી ભ્રષ્ટ છે તે કદી પણ સીઝતા નથી. અભિપ્રાય એ છે કે જે સમ્યગ્દષ્ટિ પુરુષ ચારિત્રરહિત છે તે તો પોતાના સમ્યક્ત્વના પ્રભાવથી કોઈ પણ વખતે ઉત્તમ ચારિત્ર ધારણ કરી મુક્ત થઈ જશે. પરંતુ × જે સમ્યક્ત્વરહિત છે તે ગમે તેવું ચારિત્ર પાળે તો પણ કદી સિદ્ધ થશે નહિ–સંસારમાં રખડ્યા જ કરશે ૧૯.

अनुष्टुप

*एकोहं णिम्ममो सुद्धो णाणदंसणलक्खणो ।
सुद्धेयत्तमुपादेयमेवं चिंतेइ संजदो ॥ २० ॥
एकोऽहं निर्ममः शुद्धः ज्ञानदर्शनलक्षणः ।
शुद्धैकत्वमुपादेयं एवं चिन्तयेत् संयतः ॥ २० ॥

---

× શ્રીદર્શનપાહુડની બીજી ગાથામાં તો એમ પણ કહ્યું છે કે 'दंसणहीणो ण वंदिव्वो અર્થાત્ જે દર્શન–સમ્યક્ત્વરહિત છે તે વંદનીય નથી.'

*अहमिक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो ॥ ७३ ॥

અર્થ:–નિશ્ચયથી હું એક છુ, શુદ્ધ છુ, મમતારહિત છુ, જ્ઞાનદર્શનથી પૂર્ણ છું
શ્રી સમયસાર ।

અડિલ્લ છંદ

કહૈં વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં, અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં ।
મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ, સુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.॥૩૩॥
શ્રીબનારસીદાસ સમયસાર નાટક–જીવદ્વાર.

અર્થ—હું એક જ છું, મમતારહિત છું, શુદ્ધ છું અને જ્ઞાન-દર્શનલક્ષી છું; તેથી શુદ્ધ એકત્વ જ ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) છે એમ સંયમીએ ચિંતવવું જોઈએ ૨૦.

## ૪. * અન્યત્વ ભાવના +

मादापिदरसहोदरपुत्तकलत्तादिबंधुसंदोहो ।
जीवस्स ण सम्बंधो णियकज्जवसेण वट्टंति ॥ २१ ॥
मातृपितृसहोदरपुत्रकलत्रादिबन्धुसन्दोहः ।
जीवस्य न सम्बन्धो निजकार्यवशेन वर्तन्ते ॥ २१ ॥

અર્થઃ-માતા, પિતા ભાઈ, પુત્ર, સ્ત્રી આદિ બંધુજનોનો સમૂહ જીવના સંબંધી નથી; અર્થાત્ એ સર્વ જીવથી જુદાં છે પોતાના કાર્યવશે તેઓ વર્તે છે ૨૧

* પ્રથમની 'એકત્વ ભાવના' અને આ 'અન્યત્વ ભાવના'-
વચ્ચે અંતર

એકત્વભાવના પ્રવૃત્તિરૂપ અને અન્યત્વ ભાવના નિવૃત્તિરૂપ છે, અથવા એકત્વ ભાવના કાર્યરૂપ અને અન્યત્વ ભાવના કારણરૂપ છે યા તો એકત્વ ભાવનામાં આત્માના એકલાપણાનું ચિંતવન કરવામાં આવે છે અને અન્યત્વ ભાવનામાં પરપદાર્થોથી ભિન્નપણાનું ચિંતવન કરવામાં આવે છે અર્થાત્ એકત્વ ભાવનામાં એકતાનો અને અન્યત્વ ભાવનામાં પર પદાર્થથી ભિન્નતાનો વિચાર કરવામાં આવે છે આ બે બેમાં અંતર છે

દોહા

જહાં દેહ અપની નહીં તહાં ન અપનો કોય ।
ઘર સંપતિ પર પ્રગટ યે, પર હૈ પરિજન લોય ॥
પર હૈ પરિજન લોય હોય નહિં વસ્તુ જાતિ-કુલ યારા ।
મોહકર્મવશ પરકો અપને સમઝે સોઈ ગઁવારા ॥

अण्णो अण्णं सोयदि मदोत्ति मम णाहगोत्ति मण्णतो ।
अप्पाणं ण हु सोयदि संसारमहण्णवे बुड्डं ॥ २२ ॥
अन्य: अन्यं शोचति मदीयोस्ति मम नाथकः इति मन्यमानः।
आत्मानं न हि शोचति संसारमहार्णवे ब्रूडितम् ॥ २२ ॥

અર્થ:-જીવ આ સંસારરૂપ મહાસાગરમાં ડુબેલા પોતાના આત્માની ચિન્તા તો કરતો નથી, પણ અન્ય અન્યની ચિન્તા કરે છે વળી એ મારુ છે, એ મારા સ્વામીનું છે એમ માન્યા કરે છે ૨૨

×अण्णं इमं सरीरादिगं पि जं होज्ज बाहिरं दव्वं ।
णाणं दंसणमादा एवं चिंतेहि अण्णत्तं ॥ २३ ॥

---

तू है दर्शनज्ञानमयी चैतन्य आतमा न्यारा ।
तातें पर जड त्याग, आप गहि जो होवे निस्तारा ॥
સ્વ કવિ શ્રીભુધરદાસ.

શાર્દુલવિક્રીડિત

ના મારા તન, રૂપ, કાન્તિ, યુવતી, ના પુત્ર કે ભ્રાત ના,
ના મારાં ભૃત સ્નેહિયો સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના,
ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના,
રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના
સ્વ શ્રીમદ્ રાજચંદ્ર.

×ण दु णिच्छयस्स जीवो देहो य कदावि एक्कट्ठो ॥ २७॥
અર્થ -નિશ્ચય નય કહે છે કે જીવ અને દેહ કદી પણ એક પદાર્થ નથી વળી જ્ઞાની એમ જાણે છે કે-

अहमिक्को खलु सुद्धो [illegible] सदारूवी ।
णवि अत्थि [illegible]

अन्यदिदं शरीरादिकं अपि यत् भवति बाह्यं द्रव्यम् ।
ज्ञानं दर्शनमात्मा एवं चिन्तय अन्यत्वम् ॥ २३ ॥

અર્થ આ શરીરાદિ જે બાહ્ય દ્રવ્ય છે તે સર્વેય આત્માથી જુદા છે અને આ આત્મા જ્ઞાન-દર્શનસ્વરૂપ છે એમ અન્યત્વ ભાવના ચિંતવ ૨૩.

(

---

अहमेकः खलु शुद्धो दर्शनज्ञानमयः सदाऽरूपी ।
नाप्यस्ति मम किंचिदप्यन्यत्परमाणुमात्रमपि ॥ ३८ ॥

અર્થ–નિશ્ચયથી હું એક શુદ્ધ, દર્શનજ્ઞાનમય અને સદા અરૂપી છું, કોઈ પણ અન્ય પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી.

समयसार ।

સવૈયા એકત્રીસા

જૈસે રાજહંસકે વદનકે સપરસત દેખિયે પ્રગટ ન્યારો ક્ષીર ન્યારો નીર હૈ ।
તૈસેં સમકિતીકી સુદૃષ્ટિમેં સહજ રૂપ ન્યારો જીવ ન્યારો કર્મ ન્યારો હી સરીર હૈ ॥
જબ સુદ્ધ ચેતનકૌ અનુભૌ અભ્યાસૈ તબ ભાસૈ+આપુ અચલ ન દૂજૌ[2] ઔર સીર[2] હૈ।
પૂરવ કરમ ઉદૈ આઇકે દિખાઈ દેઇ કરતા ન હોય તિન્હકૌ તમાસગીર હૈ ॥ ૧૫ ॥

બનારસીદાસ-સમયસાર નાટક-કર્તાકર્મક્રિયાદ્વાર

---

+ આમા  ૧ સાથી  ૨ દર્શ

## ૫ "સંસાર ભાવના

पंचविहे संसारे जाइजरामरणरोगभयपउरे।
जिणमग्गमपेच्छंतो जीवो परिभमदि चिरकालं ॥ २४ ॥

पंचविधे संसारे जातिजरामरणरोगभयप्रचुरे।
जिनमार्गमपश्यन् जीवः परिभ्रमति चिरकालम् ॥ २४ ॥

અર્થઃ-જિનમાર્ગને નહિ જોતા જીવ જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી ભરપૂર પાંચ પ્રકારના સસારમાં અનત કાળ પરિભ્રમે છે. ૨૪

+सव्वे वि पोग्गला खलु एगे भुत्तुज्झिया हु जीवेण।
असयं अणंतखुत्तो पुग्गलपरियट्टससारे ॥ २५ ॥

---

દોહા

*દામ વિના નિર્ધન દુખી, તૃષ્ણાવશ ધનવાન ।
કહૂ ન સુખ સસારમે, સબ જગ દેખ્યો છાન ॥
સબ જગ દેખ્યો છાન, સબ હિ પ્રાણી અતિ દુખ જુ પાવૈ ।
કર્મ બલી નટ ચ્યારૂ ગતિમેં, બહુવિધ નાચ નચાવૈ ॥
ગહ વિન તન પાવૈ તો ધન નહિં, ધન પા તુરત નસાવૈ ।
તાતૈં ભવ તન-ભોગ-રાગ તજ, શિવમગ લહિ શિવ જાવૈ ॥

સ્વ. કવિ શ્રીભૂધરદાસ

+भासियाइ पुग्गलाइ भुवणोदरवत्तियाइं सव्वाइं।
पत्तोसि तो ण तित्तिं पुणरुत्तं ताइं भुंजंतो ॥ २२ ॥

અર્થ-હે જીવ! તેં આ લોકના ઉદરમાં રહી સર્વ પુદ્‌ગલરૂપો ભક્ષ્યા, ભોગવ્યા, વળી તે વારવાર ભોગવતાં છતાં પણ તૃપ્તિ પામ્યો નહિ.

भावपाहुड

૧ ~

सर्वेऽपि पुद्गलाः खलु एकेन भुक्तोज्झिताः हि जीवेन।
असकृदनतकृत्व पुद्गलपरिवर्तसंसारे ॥ २५ ॥

અર્થ:-આ પુદ્ગલ-પરિવર્તનરૂપ સંસારમાં જીવ એક જ સંપૂર્ણ પુદ્ગલ-વર્ગણાઓને અનેકવાર-અનંતવાર ભોગવે છે અને છોડી દે છે.

ભાવાર્થ-જ્યારે કોઈ જીવ અનંતાનંત પુદ્ગલોને અનંતવાર ગ્રહણ કરી છોડી દે છે ત્યારે તેનું એક પુદ્ગલ-પરાવર્તન થાય છે; આ જીવે એવા અનેક દ્રવ્યપરાવર્તન કર્યાં છે ૨૫

×सव्वम्हि लोयखेत्ते कमसो तण्णत्थि जण्ण उप्पण्णं।
उग्गाहणेण बहुसो परिभमिदो खेत्तसंसारे ॥ २६ ॥
सर्वस्मिन् लोकक्षेत्रे क्रमशः तन्नास्ति यत्र न उत्पन्नः।
अवगाहनेन बहुशः परिभ्रान्तः क्षेत्रसंसारे ॥ २६ ॥

અર્થ:-ક્ષેત્રપરાવર્તનરૂપ સંસારમાં અનેકવાર ભ્રમણ કરતા જીવે ત્રણે લોકનાં સર્વ ક્ષેત્રોમાં એવું કોઈપણ સ્થાન બાકી રાખ્યું નથી કે જ્યાં ક્રમશઃ અવગાહન વડે ઉત્પન્ન થયો ન હોય!

ભાવાર્થ:-લોકાકાશના જેટલા પ્રદેશ છે તેટલા અથવા પ્રદેશોમાં ક્રમશઃ ઉત્પન્ન થવું તથા નાનામાં નાનાં શરીરના પ્રદેશોથી લઈ મોટામાં મોટા શરીરના પ્રદેશોને ક્રમશઃ પૂરા કરવા તેને ક્ષેત્ર પરાવર્તન કહે છે ૨૬.

×जलथलसिहिपवणंबरगिरिसरिदरितरुवणाइं सव्वत्तो।
वसिओसि चिरं कालं तिहुवणमज्झे अणप्पवसो ॥ २१ ॥

અર્થ:-હે જીવ! તેં જલ, સ્થલ, અગ્નિ, પવન, આકાશ, પર્વત, નદી, પર્વતની ગુફા, વૃક્ષ, વન વિષે-વધારે શું કહિયે-સર્વેત્ર સ્થાન વિષે ત્રણે લોકમાં ઘણા કાળ પર્યંન્ત અનાત્મવશ-પરાધીનપણે નિવાસ કર્યો છે. ૨૧.

ભાવપાહુડ।

*अवसर्पिणीउस्सप्पिणिसमयावलियासु णिरवसेसासु ।
जादो मुदो य बहुसो परिभमिदो कालसंसारे ॥ २७ ॥
अवसर्पिण्युत्सर्पिणीसमयावलिकासु निरवशेषासु ।
जातः मृतः च बहुशः परिभ्रान्तः कालसंसारे ॥ २७ ॥
અર્થ.-કાળપરિવર્તનરૂપ સંસારમાં ભ્રમણ કરતો જીવ અવ-

*छत्तीसं तिण्णि सया छावट्ठिसहस्सवारमरणाणि ।
अंतोमुहुत्तमज्झे पत्तोसि निगोयवासम्मि ॥ २८ ॥
वियलिंदिय असीदी सट्ठी चालीसमेव जाणेह ।
पंचिंदिय चउवीसं खुद्दभवंतोमुहुत्तस्स ॥ २९ ॥

અર્થ:-હે આત્મન્! તું નિગોદના વાસમાં એક અંતર્મુહૂર્તમાં છાસઠ હજાર ત્રણસો છત્રીશ વાર મરણને પ્રાપ્ત થયો. ૨૮

અર્થ-આ અંતર્મુહૂર્ત કાળમાં દ્વીન્દ્રિયના ક્ષુદ્રભવ એંશી, ત્રીન્દ્રિયના સાઠ, ચતુરિન્દ્રિયના ચાલીશ, પંચેન્દ્રિયના ચોવીશ એમ હે આત્મન્! તું ક્ષુદ્ર ભવ જાણ. ૨૯

पडिदेससमयपुग्गलआउगपरिणामणामकालट्ठं ।
गहिउज्झियाइं बहुसो अणंतभवसायरे जीवो ॥ ३५ ॥

અર્થ-આ જીવે આ અનંત અપાર ભવસમુદ્ર વિષે લોકાકાશના પ્રદેશ છે તેટલા પ્રતિસમય સમય, પર્યાયનો આયુપ્રમાણ કાળ, પોતાના યોગ-કષાયના પરિણમન સ્વરૂપ પરિણામ, ગતિ જાતિ આદિ નામકર્મના ઉદય પ્રમાણે નામ અને ઉત્સર્પિણી-અવસર્પિણી જેવા કાલ વિષે પુદ્ગલના પરમાણુરૂપ સ્કંધો અનંતવાર ગ્રહણ કર્યા છે અને છોડ્યાં છે.

લોકમાં જેટલાં પુદ્ગલ સ્કંધો છે તે સર્વેય ભાવલિંગ વિના અનંતવાર ગ્રહણ કર્યા અને છોડ્યા તોપણ મુક્ત ન થયો. ૩૫

સર્પિણી-ઉત્સર્પિણી કાળના સર્વ સમય અને આવલિકાઓમાં અનેકવાર જન્મે છે અને મરે છે.

ભાવાર્થઃ-અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના જેટલા સમય થાય છે તેટલા સર્વ સમયમાં જન્મવું અને મરવું તેને <u>કાલપરિવર્તન</u> કહે છે ૨૭.

*णिरयाउजहण्णादिसु जाव दु उवरिल्लया दु गेवेज्जा ।
मिच्छत्तसंसिदेण दु बहुसो वि भवट्ठिदी भमिदो ॥ २८ ॥
निरयायुर्जघन्यादिषु यावत् तु उपरितनाः तु ग्रैवेयिकाः ।
मिथ्यात्वसंश्रितेन तु बहुशः अपि भवस्थितौ भ्रान्तः ॥२८॥

અર્થઃ—મિથ્યાત્વના આશ્રયવડે જીવે નરકનાં થોડામાં થોડાં આયુથી લઈ ઉપરના ગ્રૈવેયિક વિમાન સુધીનાં આયુ બહુવાર પામી ભ્રમણ કર્યું છે.

ભાવાર્થઃ—નરકના ઓછામાં ઓછા આયુથી માંડી ગ્રૈવેયિક વિમાનના અધિકમાં અધિક આયુ સુધીના જેટલા ભેદ છે તે સર્વના ક્રમશઃ ભોગ <u>ભવપરાવર્તન</u> કહેવાય છે. ૨૮

---

* गहिउज्झियाइं मुणिवर ! कलेवराइं तुमे अणेयाइं ।
ताणं णत्थि पमाणं अणंतभवसायरे धीर ! ॥ २४ ॥

અર્થ.-હે મુનિવર ! હે ધીર ! તેં આ અનંત ભવસાગરમાં અનેક શરીર ધારણ કર્યાં અને છોડ્યાં તેનું પ્રમાણ ગણ્યું નથી.

ભાવાર્થ—હે મુનિ પ્રધાન ! તું આ શરીર પર સ્નેહ કરવા ચાહે છે પણ તેં આ સંસારમાં આવાં એટલાં બધાં શરીર ગ્રહ્યાં છે અને છોડ્યાં છે કે તેનું પ્રમાણ કહ્યું જાય તેમ નથી. ૨૪.

ભાવપાહુડ ।

# અમૂલ્ય તત્ત્વ વિચાર

### હરિગીત છંદ

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો, આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ૧.

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !! ૨.

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન્ જેથી, જંજિરેથી નીકળે !!
પર વસ્તુમાં નહિં મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાન્ત કે, પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩.

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાન્તભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના, સિદ્ધાન્તતત્ત્વ અનુભવ્યાં. ૪.

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો !, શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫.

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર.

સર્પિણી-ઉત્સર્પિણી કાળના સર્વ સમય અને આવલિકાઓમાં અનેકવાર જન્મે છે અને મરે છે

ભાવાર્થ:-અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળના જેટલા સમય થાય છે તેટલા સર્વ સમયમાં જન્મવું અને મરવું તેને કાલપરિવર્તન કહે છે ૨૭.

*णिरयाउजहण्णादिसु जाव दु उवरिल्लवा दु गेवेज्जा ।
मिच्छत्तसंसिदेण दु बहुसो वि भवट्ठिदी भमिदो ॥ २८ ॥
निरयायुर्जघन्यादिषु यावत् तु उपरितनाः तु ग्रैवेयकाः ।
मिथ्यात्वसंश्रितेन तु बहुशः अपि भवस्थितौ भ्रान्तः ॥२८॥

અર્થ:—મિથ્યાત્વના આશ્રયવડે જીવે નરકનાં થોડામાં થોડા આયુથી લઈ ઉપરના ગ્રૈવેયિક વિમાન સુધીનાં આયુ અનુક્રમે પામી ભ્રમણ કર્યું છે.

ભાવાર્થ:—નરકના ઓછામાં ઓછા આયુથી માંડી ગ્રૈવેયિક વિમાનના અધિકમાં અધિક આયુ સુધીના જેટલા ભેદ છે તે સર્વના ક્રમશ ભોગ ભવપરાવર્તન કહેવાય છે. ૨૮

---

* परिवउज्झियाइं मुणिवर ! कलेवराइं तुमे अणेयाइं ।
ताणं णत्थि पमाणं अणंतभवसायरे धीर ! ॥ २४ ॥

અર્થ.-હે મુનિવર ! હે ધીર ! તેં આ અનંત ભવસાગરમાં અનેક શરીર ધારણ કર્યા અને છોડ્યાં તેનું પ્રમાણ રહ્યું નથી.

ભાવાર્થ-હે મુનિ પ્રધાન ! તું આ શરીર પર સ્નેહ કરવા માટે છે પણ તેં આ સંસારમાં આવાં એટલાં બધાં શરીર મૂક્યાં છે અને છોડ્યાં છે કે તેનું પ્રમાણ કહ્યું જાય તેમ નથી. ૨૪.

ભાવપાહુડ ।

# અમૂલ્ય તત્ત્વ વિચાર

### હરિગીત છંદ

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો, આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ૧.

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !! ૨.

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન્ જેથી, જંજિરેથી નીકળે !!
પર વસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાન્ત કે, પશ્ચાત્ દુ:ખ તે સુખ નહીં. ૩.

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાન્તભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના, સિદ્ધાન્તતત્ત્વ અનુભવ્યાં. ૪.

તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું ?
નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું;
રે ! આત્મ તારો ! આત્મ તારો !, શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫.

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર.

सव्वे पयडिट्ठिदिओ अणुभागपदेसबंधठाणाणि ।
जीवो मिच्छत्तवसा भमिदो पुण भावसंसारे ॥ २९ ॥
सर्वा. प्रकृतिस्थितयोऽनुभागप्रदेशबन्धस्थानानि ।
जीवः मिथ्यात्ववशात् भ्रान्तः पुनः भावसंसारे ॥ २९ ॥

અર્થ –જીવે મિથ્યાત્વવશ સર્વ પ્રકૃતિ–સ્થિતિ–અનુભાગ અને પ્રદેશબંધ સ્થાનોમાં ભાવપરાવર્તન રૂપ સંસારમાં વારંવાર ભ્રમણ કર્યું છે

ભાવાર્થ –કર્મબંધના કરનારા જેટલા પ્રકારના ભાવ છે તે સર્વના ક્રમશઃ અનુભવને ભાવપરાવર્તન કહે છે ૨૯

पुत्तकलत्तणिमित्तं अत्थं अज्जयदि पावबुद्धीए ।
परिहरदि दयादाणं सो जीवो भमदि संसारे ॥ ३० ॥
पुत्रकलत्रनिमित्तं अर्थं अजयति पापबुद्ध्या ।
परिहरति दयादानं सः जीवः भ्रमति संसारे ॥ ३० ॥

અર્થ –જે જીવ પુત્ર, સ્ત્રી નિમિત્તે પાપબુદ્ધિથી ધન કમાય છે અને દયા તથા દાન છોડે છે તે સંસારમાં ભટકે છે ૩૦.

मम पुत्तं मम भज्जा मम धणधण्णो त्ति तिव्वकंखाए ।
चइऊण धम्मबुद्धिं पच्छा परिपडदि दीहसंसारे ॥ ३१ ॥
मम पुत्रो मम भार्या मम धनधान्यमिति तीव्रकांक्षया ।
त्यक्त्वा धर्मबुद्धिं पश्चात् परिपतति दीर्घसंसारे ॥ ३१ ॥

અર્થ –'આ મારો પુત્ર છે, આ મારી સ્ત્રી છે અને આ મારાં ધન–ધાન્ય છે'–એવી તીવ્ર કાંક્ષાથી જીવ ધર્મબુદ્ધિ છોડે છે અને પછી એ કારણે દીર્ઘ સંસારમાં પડે છે ૩૧

मिच्छोदयेण जीवो णिंदंतो जेण्णभासियं धम्मं।
कुधम्मकुलिंगकुतित्थं मण्णंतो भमदि संसारे ॥ ३२ ॥
मिथ्यात्वोदयेन जीवः निंदन् जैनभाषितं धर्मम्।
कुधर्मकुलिङ्गकुतीर्थं मन्यमानः भ्रमति संसारे ॥ ३२ ॥

અર્થ.-મિથ્યાત્વના ઉદયવડે જીવ જિનભગવાન-કથિત ધર્મની નિંદા કરી, કુધર્મ, કુલિંગ [કુગુરુ] અને કુતીર્થને માની સંસારમાં ભટકે છે ૩૨

*हंतूण जीवरासिं मधुमंसं सेविऊण सुरपाणं।
परदव्वपरकलत्तं गहिऊण य भमदि संसारे ॥ ३३ ॥
हत्वा जीवराशिं मधुमांसं सेवित्वा सुरापानम्।
परद्रव्यपरकलत्रं गृहीत्वा च भ्रमति संसारे ॥ ३३ ॥

---

*શ્રીસમન્તભદ્રાચાર્ય શ્રીકુન્દકુન્દાચાર્ય પછી ... થઈ ગયા છે, તેમણે શ્રીરત્નકરંડશ્રાવકાચારમાં કહ્યું છે કે -

त्रसहतिपरिहरणार्थं क्षौद्रं पिशितं प्रमादपरिहृतये।
मद्यं च वर्जनीयं, जिनचरणौ शरणमुपयातैः ॥ ८४ ॥

અન્વયાર્થ.-જિનેન્દ્ર ભગવાનના ચરણોનું શરણું લેનારા શ્રાવકોએ ત્રસ જીવોની હિંસા દૂર કરવા અર્થે મધુ [મધ] ... અને પ્રમાદ ... કરવા અર્થે મદ્ય [મદિરા] છોડી દેવા જોઈએ ૮૪

માટે જ કહ્યું છે કે.—

मद्यमांसमधुत्यागैः सहाणुव्रतपञ्चकम्।
अष्टौ मूलगुणानाहुर्गृहिणां श्रमणोत्तमाः ॥ ६६ ॥

અર્થ.-ગણધરદેવ અને શ્રુતકેવળીઓ ... મદ્ય-માંસ-મધુ ... સહિત પાંચ અણુવ્રતના ... ને શ્રાવકોના આઠ મૂળ ગુણ ...

અર્થ.-આ પ્રાણી જીવસમૂહને મારી, +મધુ [મધ]ને †માંસનુ સેવન કરી તથા §શરાબ [દારૂ] પી પરદ્રવ્ય અને પરસ્ત્રીને છીનવી સંસારમાં ભટકયા કરે છે ૩૩

जत्तेण कुणइ पावं विसयणिमित्तं च अहणिस जीवो।
मोहंधयारसहिओ तेण दु परिपडदि संसारे ॥ ३४ ॥
यत्नेन करोति पापं विषयनिमित्तं च अहर्निशं जीवः।
मोहान्धकारसहितः तेन तु परिपतति संसारे ॥ ३४ ॥

અર્થ -જીવ મોહરૂપ અંધકારથી અંધ બની રાતદિન વિષયોના નિમિત્તે થતા પાપો યત્નપૂર્વક કરે છે અને તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે ૩૪

---

+મધુત્યાગ-મધમાખીઓ ઉગાલ કાઢે છે, તેને આશ્રયે બહુ જીવો હોય છે, મધ છળ-કપટથી લેવામાં આવે છે તે, અગ્નિના તાપથી લેતાં બહુ હિંસા થાય છે વળી તેમાં અનેક જન્તુઓ રસના કારણે ઉત્પન્ન થાય છે અને મરે છે તેથી આવી અપવિત્ર હિંસાની ખાણ ને ઘૃણા ઉત્પાદક વસ્તુનો ત્યાગ ઉચિત છે

†માંસત્યાગ-ત્રસ જીવોના ઘાતથી માંસ ઉત્પન્ન થાય જે જીવનું માંસ હોય તેમાં તે જાતિના નિગોદરૂપ અનંત જીવ પેદા થયા કરે છે, માંસની કટકી ખાવાથી યા દાબવાથી જ અનંત જીવસમૂહની હિંસા થાય છે, માંસ ખાનારને હિંસાનું મહાપાપ લાગે છે અને પરિણામ ક્રુર થઈ જાય છે.

§મદિરાત્યાગ-દારૂ ભાંગ, ગાંજો, કોકિન, અફીણ આદિ નશા-ઉત્પાદક પદાર્થોનો ત્યાગ. અનેક પદાર્થોને સડવવાથી દારૂ બને છે તેથી મહાન્ હિંસા થાય છે તેના સેવનથી ધર્મ-બુદ્ધિ નષ્ટ થઈ જાય છે આથી ભક્ષ્યાભક્ષ્યનો તથા પરસ્ત્રીસેવનનો વિવેક રહેતો નથી માટે આ માદક પદાર્થ હાનિ-કારક હોઈને ત્યાગવા યોગ્ય છે.

* +णिचिदरधादु सत्त य तरु दस वियलिंदियेसु छच्चेव ।
सुरणिरयतिरियचउरो चोद्दस मणुवे सदसहस्सा ॥२५॥
नित्येतरधातुषु सप्त च तरौ दश विकलेन्द्रियेषु षट् चैव ।
सुरनिरयतिर्यक्षु चतस्रः चतुर्दश मनुजे शतसहस्राः ॥२५॥

અર્થ -નિત્ય નિગોદ, ઇતર નિગોદ, ધાતુ ( પૃથ્વીકાય, જલકાય, અગ્નિકાય અને વાયુકાય )-દરેક સાત લાખ ( કુલ ૪૨ લાખ ), વનસ્પતિકાયની દશ લાખ વિકલેન્દ્રિયની [ દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય ને ચતુરિન્દ્રિય-દરેકની બે લાખ મળી ] ૭ લાખ, દેવ, નારકી અને તિર્યંચની ચાર ચાર લાખ, અને મનુષ્ય પચેન્દ્રિયની ચૌદ લાખ -એમ સર્વે મળીને ચોરાશી લાખ યોનિઓ છે ૩૬

×संजोगविप्पजोगं लाहालाहं सुहं च दुक्खं च ।
संसारे भूदाण होदि हु माणं सहावमाण च । ३६॥

---

*આ ગાથા ગોમ્મટસારના જીવકાંડની ૮૯ મી સંખ્યાએ છે

+શુદ્ધ ભાન રહિત જીવનુ ચોરાશી લાખ યોનિમા ભ્રમણ

सो णत्थि तं पएसो चउरासीलक्खजोणिवासम्मि ।
भावविरओ वि सवणो जत्थ ण दुरदुल्लिओ जीवो ॥ ४७ ॥

ભાવાર્થ -શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ ભાવ વિના આ જીવ [ દ્રવ્યલિંગી ] મુનિ હોવા છતા ચોરાશી લાખ યોનિના વાસમાં ભમતો જ રહ્યો એવુ એક પણ ઠેકાણું નથી રહ્યુ કે જ્યા આ જીવ જન્મ્યો ન હોય-મર્યો ન હોય ૪૭.

भावपाहुड ।

વસંતતિલકા

×सर्वं सदैव नियतं भवति स्वकीय-
कर्मोदयान्मरणजीवितदु:खसौख्यम् ॥ १६८ ॥

અર્થઃ—આ જગતમાં જીવોને મરણ-જીવન, દુ:ખ-સુખ સદૈવ ચોક્કસ પોતા[illegible] થાય છે. ૧૬૮

संयोगवियोगौ लाभालाभौ सुखं च दुःखं च ।
संसारे भूतानां भवति हि मानं तथापमानं च ॥ ३६ ॥

અર્થ — આ સંસારમાં જેટલાં પ્રાણી છે તે સર્વને સંયોગ-વિયોગ લાભ-અલાભ (નુકસાન), સુખ-દુઃખ અને માન-અપમાન થયા જ કરે છે ૩૬

*कम्मणिमित्तं जीवो हिंडदि संसारघोरकंतारे ।
जीवस्स ण संसारो णिच्चयणय कम्मणिम्मुक्को ॥ ३७ ॥
कर्मनिमित्तं जीवः हिंडति संसारघोरकान्तारे ।
जीवस्य न संसारः निश्चयनयेन कर्मनिर्मुक्तः ॥ ३७ ॥

અર્થ - યદ્યપિ આ જીવ કર્મના નિમિત્તથી સંસારરૂપ ઘોર-વનમાં ભટક્યા કરે છે પરન્તુ નિશ્ચયનયે [યથાર્થપણે] આત્મા કર્મ-બંધન રહિત છે તેથી તેને સંસાર નથી ૩૭

---

*ज्ञानी करोति न न वेदयते च कर्म जानाति केवलमयं किल तत्स्वभावम्।
जानन्परं करणवेदनयोरभावा-च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव ।१९८।

અર્થ — જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે એમ કેવળ જાણતો થકો કરણના અને વેદનના (કરવાના અને ભોગવવાના) અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે ૧૯૮


समयसारकलश ।

आरुहवि अंतरप्पा बहिरप्पा छंडिऊण तिविहेण ।
झाइज्जइ परमप्पा उवइट्ठं जिणवरिंदेहिं ॥ ७ ॥

અર્થ — બહિરાત્માને મન વચન-કાયાથી છોડી અંતરાત્માનો આશ્રય કરી પરમાત્મા ધ્યાવા યોગ્ય છે એમ જિનવરેન્દ્રોએ ઉપદેશ્યું છે ૭

मोक्षपाहुड ।

# काल चक्र।




[ युग–परिवर्तन–चित्र ]

# तीन लोक की रचना

अ लो का का श

एक राजू

आरण — अच्युत
आनत — प्राणत
शतार — सहस्रार
शुक्र — महाशुक्र
लान्तव — कापिष्ट
ब्रह्म — ब्रह्मोत्तर
सानत्कुमार — माहेन्द्र
सौधर्म — ईशान

ऊर्ध्व लोक

पांच राजू

मध्य लोक

एक राजू

अधो लोक

शर्करा प्रभा
बालुका प्रभा
पंक प्रभा
धूम प्रभा

सात राजू

अ लो का का श

संसारमदिकंतो जीवोवादेयमिदि विचिंतिज्जो ।
संसारदुहक्कंतो जीवो सो हेयमिदि विचिंतिज्जो ॥ ३८ ॥
संसारमतिक्रान्तः जीवः उपादेय इति विचिन्तनीयम् ।
संसारदुःखाक्रान्तः जीवः स हेय इति विचिन्तनीयम् ॥३८॥

અર્થઃ-સંસારને અતિક્રાન્ત [પાર પામેલ] જીવ ઉપાદેય [ગ્રહણ કરવા યોગ્ય છે] એમ વિશેષપણે ચિન્તવવા યોગ્ય છે અને સંસાર-દુઃખથી આક્રાન્ત [ઘેરાયેલ] જીવ હેય [તજવા યોગ્ય] છે એમ વિશેષે ચિંતવવા યોગ્ય છે.

ભાવાર્થ.-પરમાત્મા જ ધ્યાન કરવા યોગ્ય છે બહિરાત્મા [પરમાં આસક્ત જીવ] ધ્યાન કરવા યોગ્ય નથી ૩૮.

---

## ૬. *લોક ભાવના

जीवादिपयत्थाणं समवाओ सो णिरुच्चये लोगो ।
तिविहो हवेइ लोगो अहमज्झिमउड्ढभेएण ॥ ३९ ॥
जीवादिपदार्थानाम् समवायः स निरुच्यते लोकः ।
त्रिविधः भवेत् लोकः अधोमध्यमोर्ध्वभेदेन ॥ ३९ ॥

---

દોહા

*ચૌદહ રાજુ ઉતંગ નભ, લોક પુરુષ સંઠાન ।
તામેં જીવ અનાદિતૈં, ભરમત હૈં બિનજ્ઞાન ॥
ભરમત હૈં બિનજ્ઞાન લોકમેં કભી ન હિત ઉપજાયા ।
પંચ પરાવર્ત કરતે કરતે સમ્યગ્જ્ઞાન, ન પાયા ॥
અબ તૂ મોહકર્મકો દૂર કર, તજ સબ જગકી આસા ।
જિનપદ ધ્યાય લોકશિર ઊપર કર લે નિજ થિર વાસા ॥
કૃત૦ કવિ શ્રીભૂધરદાસ.

અર્થ:-જીવાદિ ૭ પદાર્થોના સમૂહ તે લોક કહેવાય છે અને તે અધોલોક, મધ્યલોક, અને ઊર્ધ્વલોકના ભેદથી ત્રણ પ્રકારે છે. ૩૯.

णिरया हवंति हेट्ठामज्झे दीवंबुरासयोऽसंखा ।
सग्गो तिसट्ठि भेओ एत्तो उड्ढं हवे मोक्खो ॥ ४० ॥

निरया भवन्ति अधस्तने मध्ये द्वीपाम्बुराशयः असंख्याः।
स्वर्गः त्रिषष्टि भेदः एतस्मात् ऊर्ध्वं भवति मोक्षः ॥४०॥

અર્થ:-નરક અધોલોકમાં છે, અસંખ્યાત દ્વીપ તથા સમુદ્રના રાશિ (સમુદાય) મધ્યલોકમાં છે અને ત્રેસઠ પ્રકારના સ્વર્ગ તથા મોક્ષ ઊર્ધ્વલોકમાં છે ૪૦.

× इगितीस सत्त चत्तारि दोण्णि एक्केक्क छक्क चदुकप्पे ।
तित्तिय एक्केक्केंदियणामा उडुआदितेसट्ठी ॥ ४१ ॥

एकत्रिंशत् सप्त चत्वारि द्वौ एकैकं षट्कं चतुःकल्पे।
त्रित्रिकमेकैकेन्द्रकनामानि ऋत्वादि त्रिषष्टिः ॥ ४१ ॥

અર્થ-સ્વર્ગલોકમાં ઋતુ, ચંદ્ર, વિમલ, વલ્ગુ, વીર આદિ ૬૩ વિમાન ઇન્દ્રક સંજ્ઞાના ધારણ કરનારા છે તેનો ક્રમ આ પ્રમાણે છે:—

સૌધર્મ-ઇશાન સ્વર્ગના—૩૧, સનત્કુમાર-માહેન્દ્રના-૭, બ્રહ્મ-બ્રહ્મોત્તરના-૪, લાન્તવ-કાપિષ્ટના-૨, શુક્ર-મહાશુક્રના-૧, શતાર-સહસ્રારના-૧, આનત-પ્રાણત-આરણ-અચ્યુત-એ ચાર કલ્પના-૬, અધો-મધ્ય અને ઊર્ધ્વ ગ્રૈવયિકના ત્રણ ત્રણના હિસાબે-૯, નવ અનુદિશનું-૧ અને પાંચ અનુત્તરનું-૧ એમ સર્વ મળીને ૬૩ સ્વર્ગ-વિમાનો છે. ૪૧.

---

× આ ગાથા ત્રૈલોક્યસારમાં ૪૬૩મી ગાથા છે.

असुहेण णिरयतिरियं सुहउवजोगेण दिविजणरसोक्खं ।
सुद्धेण लहइ सिद्धिं एवं लोयं विचिंतिज्जो ॥ ४२ ॥
अशुभेन निरयतिर्यञ्चम् शुभोपयोगेन दिविज-नरसोख्यम् ।
शुद्धेन लभते सिद्धिं एवं लोकः विचिन्तनीयः ॥४२॥

અર્થ:-આ જીવ †અશુભ ભાવથી નરક અને તિર્યંચ ગતિ પામે છે; †શુભ ઉપયોગથી દેવ તથા મનુષ્યના સુખ ભોગવે છે અને *શુદ્ધ ભાવથી મોક્ષ પ્રાપ્ત કરે છે એમ લોકભાવનાનું ચિંતવન કરવું જોઈએ. ૪૨.

---

†भावं तिविहपयारं सुहासुहं सुद्धमेव णायव्वं ।
असुहं च अट्टरउद्दं सुह धम्मं जिणवरिंदेहिं ॥ ७६ ॥
*सुद्धं सुद्धसहावं अप्पा अप्पम्मि तं च णायव्वं ।
इदि जिणवरेहिं भणियं जं सेयं तं समायरह ॥ ७७ ॥

ભાવાર્થ:-શ્રીજિનવરે ભાવ ત્રણ પ્રકારના કહ્યા છે:-શુભ, અશુભ ને શુદ્ધ; તેમાં અશુભ ભાવ તો આર્તરૌદ્ર ધ્યાન છે; તે અતિ મલિન છે તેથી ત્યાજ્ય છે. વળી શુભ ભાવ છે તે ધર્મધ્યાન છે; તે કવચિત્ ઉપાદેય છે; કેમકે તેનાથી મંદ કષાયરૂપ વિશુદ્ધ ભાવની પ્રાપ્તિ છે; વળી શુદ્ધ ભાવ છે તે સર્વથા ઉપાદેય છે; કેમકે તે આત્માનું સ્વરૂપ જ છે; એમ હેય-ઉપાદેય જાણી ત્યાગ-ગ્રહણ કરો; તેથી એમ કહ્યું કે:-જે શ્રેય-કલ્યાણકારી છે તે અંગીકાર કરો. ૭૬-૭૭.

भावपाहुड ।

मच्छो वि सालिसित्थो असुद्धभावो गओ महाणरयं ।
इय णाउं अप्पाणं भावह जिनभावणा णिच्चं ॥ ८८ ॥

હે ભવ્ય જીવ! શાલિસિકથ [ તંદુલ નામનો ] મત્સ્ય પણ અશુદ્ધ ભાવ-સ્વરૂપ થયે સતે [illegible]ાતમી નરકે ગયો; માટે હે જીવ! હે

અર્થ:—જીવાદિ ૭ પદાર્થોનો સમૂહ તે લોક કહેવાય છે અને તે અધોલોક, મધ્યલોક, અને ઊર્ધ્વલોકના ભેદથી ત્રણ પ્રકારે છે. ૩૯

णिरया हवंति हेट्ठामज्झे दीवंबुरासयोसंखा ।
सग्गो तिसट्ठि भेओ एत्तो उड्ढं हवे मोक्खो ॥ ४० ॥
निरया भवन्ति अधस्तने मध्ये द्वीपाम्बुराशयः असंख्याः।
स्वर्गः त्रिषष्टि भेदः एतस्मात् ऊर्ध्वं भवति मोक्षः ॥४०॥

અર્થ:-નરક અધોલોકમાં છે, અસંખ્યાત દ્વીપ તથા સમુદ્રના રાશિ (સમુદાય) મધ્યલોકમાં છે અને ત્રેસઠ પ્રકારના સ્વર્ગ તથા મોક્ષ ઊર્ધ્વલોકમાં છે. ૪૦.

×इगितीस सत्त चत्तारि दोण्णि एक्केक्क छक्क चदुकप्पे ।
तित्तिय एक्केक्केंदियणामा उडुआदितेसट्ठी ॥ ४१ ॥
एकत्रिंशत् सप्त चत्वारि द्वौ एकैकं षट्कं चतुःकल्पे ।
त्रित्रिकमेकैकेन्द्रकनामानि ऋत्वादि त्रिषष्टिः ॥ ४१ ॥

અર્થ—સ્વર્ગલોકમાં ઋતુ, ચંદ્ર, વિમલ, વલ્ગુ, વીર આદિ ૬૩ વિમાન ઇન્દ્રક સંજ્ઞાના ધારણ કરનારા છે તેનો ક્રમ આ પ્રમાણે છે :—

સૌધર્મ-ઈશાન સ્વર્ગના—૩૧, સનત્કુમાર-માહેન્દ્રના-૭, બ્રહ્મ-બ્રહ્મોત્તરના-૪, લાન્તવ-કાપિષ્ટના-૨, શુક્ર-મહાશુક્રના-૧, શતાર-સહસ્રારના-૧, આનત-પ્રાણત-આરણ-અચ્યુત-એ ચાર કલ્પના-૬ અધો-મધ્ય અને ઊર્ધ્વ ગ્રૈવેયિકના ત્રણ ત્રણના હિસાબે-૯, નવ અનુદિશનું-૧ અને પાંચ અનુત્તરનું-૧ એમ સર્વ મળીને ૬૩ સ્વર્ગ-વિમાનો છે. ૪૧.

×. આ ગાથા ત્રૈલોક્યસારમાં ૪૬૩મી ગાથા છે

અર્થઃ-હાડકાંઓથી પ્રતિબદ્ધ, માંસથી વિલિપ્ત, ચામડીથી મઢેલ અને કૃમિઓના સમૂહથી ભરપૂર એવો દેહ સદાય અપ્રશસ્ત -મલિન છે. ૪૩.

दुग्गंधं बीभत्थं कलिमलभरिदं अचेयणं मुत्तं ।
सडणपडणसहावं देहं इदि चिंतये णिच्चं ॥ ४४ ॥

दुर्गंधं बीभत्सं कलिमलभृतं अचेतनं मूर्त्तम् ।
स्खलनपतनस्वभावं देहं इति चिन्तयेत् नित्यम् ॥ ४४ ॥

અર્થઃ-આ દેહ દુર્ગંધમય, બીભત્સ [ચીતરી ચડે તેવો] અતિનિંદ્ય મૂત્રથી ભરપૂર, જડ, મૂર્તિક [રૂપ, રસ, ગંધ, સ્પર્શ-યુક્ત] છે અને ×સ્ખલન-પતન સ્વભાવી છે એમ નિરંતર ચિંતવવું જોઈએ. ૪૪.

---

×एकेकंगुलियाही छण्णवदी होंति जाण मणुयाणं।
अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया ॥ ३७ ॥

અર્થઃ-મનુષ્ય શરીર વિષે એકેક અંગુલમાં ૯૬-૯૬ રોગ છે તો હે જીવ! કહો કે અવશેષ સમસ્ત શરીરમાં કેટલા રોગ કહ્યા હશે? ૩૭.

ભાવપાહુડ।

સવૈયા તેઈસા

રેતકીસી ગઢી[1] કિંધૌ મઢી[2] હૈ મસાનકીસી।
અંદર અંધેરી જૈસી કંદરા[3] હૈ સૈલકી[4]॥
ઊપરકી ચમક દમક પટ ભૂષનકી।
ધોખે લાગે ભલી જૈસી કલી[5] હૈ કનૈલકી॥

---

૧. નાનો ગઢ, ૨ નાનું મંદિર, ૩. ગુફા, ૪. પહાડ, ૫. કનેરના ફૂલની કળી.

## ૭. *અશુચિ ભાવના

अट्ठीहिं पडिवद्धं मसविलित्त तएण ओच्छण्णं ।
किमिसकुलेहिं भरिदमचोक्खं देहं सयाकालं ॥ ४३ ॥
अस्थिभि मतिबद्ध मासविलिप्त त्वचा अवच्छन्नम् ।
क्रिमिसकुलैः भरितं अमशस्त देहः सदाकालम् ॥४३॥

---

આત્માને શુદ્ધબુદ્ધ એક સ્વભાવરૂપ જાણી નિરંતર જિનભાવના ભાવ ૯૯
भावपाहुड

શુભ કરે ફળ ભોગવે દેવાદિ ગતિમાંય
અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય ૮૯
× × ×
વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતાં ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર

દેહ

દિપે ચામચાદર મઢી હાડ પીંજરા દેહ ।
ભીતર યા સમ જગતમેં અવર નહીં ઘિનગેહ ॥
અવર નહીં ઘિનગેહ દેહસમ અશુચિ પદારથ કોઈ ।
અસ્થિ માંસ મલ મૂત્ર અશુચિ સબ યાહી તનતે હોઈ ॥
ચંદન કેશર આદિ વસ્તુ તન પરસત શુચિતા ખોવે ।
ઐસે તનમેં રાચિ રહ્યો તબ કૈસે શિવમગ જોવે ॥

સ્વ૦ કવિ શ્રીભૂધરદાસ

ગીતિવૃત્ત

ખાણ મૂત્ર ને મળની રોગ જરાનું નિવાસનું ધામ,
કાયા એવી ગણીને માન ત્યજીને કર સાર્થક આમ

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર.

અર્થ હાડકાઓથી પ્રતિબદ્ધ માંસથી વિલિપ્ત, ચામડીથી મઢેલ અને કૃમિઓના સમૂહથી ભરપૂર એવો દેહ સદાય અપ્રશસ્ત-મલિન છે ૪૩

दुग्गधं वीभत्थ कलिमलभरिद अचेयण मुत्त ।
सडणपडणसहाव देह इदि चिंतये णिच्चं ॥ ४४ ॥

दुर्गंधं बीभत्सं कलिमलभृत अचेतन मूर्त्तम् ।
स्खलनपतनस्वभावं देह इति चिन्तयेत् नित्यम् ॥ ४४ ॥

અર્થ -આ દેહ દુર્ગંધમય, બીભત્સ [ચીતરી ચડે તેવો] અતિનિકૃષ્ટ મૂત્રથી ભરપૂર, જડ, મૂર્તિક [રૂપ, રસ, ગંધ, સ્પર્શ-યુક્ત] છે અને ×સ્ખલન-પતન સ્વભાવી છે એમ નિરંતર ચિંતવવું જોઈએ ૪૪

---

×एकैकांगुलिव्याधी छण्णवदी होंति जाण मणुयाणं ।
अवसेसे य सरीरे रोया भण कित्तिया भणिया ॥ ३७ ॥

અર્થ -મનુષ્ય શરીર વિષે એકેક અંગુલમાં ૯૬-૯૬ રોગ છે તો હે જીવ! કહો કે અવશેષ સમસ્ત શરીરના કેટલા રોગ કહ્યા હશે? ૩૭

भावपाहुड ।

સવૈયા તેઈસા

રેતકીસી ગઢી[1] કિંધૌ મઢી[2] હૈ મસાનકીસી।
અંદર અંધેરી જૈસી કંદરા[3] હૈ સૈલકી[4]॥
ઊપરકી ચમક દમક પટ ભૂષનકી।
ધોખૈ લાગૈ ભલી જૈસી કલી[5] હૈ કનૈનકી॥

---

૧ નાનો ગઢ ૨ નાનું મંદિર, ૩ ગુફા ૪ પહાડ ૫ કનેરના ફૂલની કળી

*[illegible]ष्ट्रीपञ्जरसंकुलं मूत्रपूयकृमिविचहुलं ।
दुर्गंध[illegible] [illegible]णिजमचेयणं पडणम् ॥ ४५ ॥
*[illegible]दिग्धपञ्जरसंकुलं मूत्रपूयकृमिवहुलम् ।
दुर्गंधं [illegible] [illegible] अनित्यं अचेतनं पतनम् ॥ ४५ ॥

અર્થ: આ દેહ રસ, રુધિર, માંસ, મેદ, મજ્જાથી ભરપૂર છે, [illegible] [illegible], [illegible] અને કૃમિની અધિકતા છે, વળી દુર્ગંધમય, [illegible], [illegible] [illegible], અનિત્ય, જડ અને નાશવંત છે. ૪૫.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ।
[illegible] [illegible] દે [illegible] દે [illegible] ॥
[illegible] દેહ [illegible] [illegible] [illegible] [illegible] ।
દે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ॥ ४० ॥

समयसार नाटक पंचहार ।

*[illegible]कृमिपद्दुर्गंधं ।
[illegible] [illegible] [illegible] ॥ ४२ ॥

અર્થ:-હે [illegible] । આ દેહ રૂપ ઘટ માંસ, હાડકાં, વીર્ય, રુધિર
[illegible], [illegible] [illegible] [illegible], [illegible] [illegible]
[illegible], [illegible], [illegible] [illegible] મલિન વસ્તુથી [illegible]

‡‡ देहादो वदिरित्तो कम्मविरहिओ अणंतसुहणिलयो ।
चोक्खो हवेइ अप्पा इदि णिच्चं भावणं कुज्जा ॥ ४६ ॥

देहात् व्यतिरिक्तः कर्मविरहितः अनन्तसुखनिलयः ।
प्रशस्तः भवति आत्मा इति नित्यं भावनां कुर्यात् ॥ ४६ ॥

અર્થ:-આત્મા દેહથી જુદો, કર્મરહિત, અનંત સુખનું ધામ છે; તેથી તે શુદ્ધ છે એમ નિત્ય ભાવના ભાવવી જોઈએ ૪૬

---

‡‡ दुट्ठट्ठकम्मरहियं अणोवमं णाणविग्गहं णिच्चं ।
सुद्धं जिणेहिं कहियं अप्पाणं हवइ सद्दव्वं ॥ १८ ॥

અર્થ -આત્મા દુષ્ટ આઠ કર્મરહિત, અનુપમ જ્ઞાનરૂપ શરીરયુક્ત અવિનાશી, ને શુદ્ધ [વિકારરહિત કેવલજ્ઞાનમયી] છે એમ જિનવરો વડે કહેવાયુ છે આત્મારૂપ નિજદ્રવ્ય આશ્રયવાયોગ્ય છે ૧૮

મોક્ષપાહુડ ।

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;

× × ×

ભાસ્યુ નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ

× × ×

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલુ, કર વિચાર તો પામ

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર.

*रसरुहिरमंसमेदट्ठीमज्जसकुलं मुत्तपूयकिमिबहुलं ।
दुग्गंधमसुचि चम्ममयमणिच्चमचेयणं पडणं ॥ ४५ ॥
रसरुधिरमांसमेदास्थिमज्जासंकुलं मूत्रपूयक्रिमिबहुलम् ।
दुर्गन्धं अशुचि चर्ममयं अनित्यं अचेतनं पतनम् ॥ ४५ ॥

અર્થ આ દેહ રસ રુધિર માંસ, મેદ, મજ્જાથી ભરપૂર છે, તેમાં મૂત્ર, પરુ અને કૃમિની અધિકતા છે, વળી દુર્ગંધમય, અપવિત્ર, ચામડીથી મઢેલ અનિત્ય જડ અને નાશવંત છે ૪૫.

ઔગુનકી ઔંડી મહા ભૌંડી મોહકી કનૌડી ।
માયાકી મસૂરતિ હૈ મૂરતિ હૈ મૈલકી ॥
ઐસી દેહ યાહીકે સનેહ યાકી સંગતિસૌં ।
હૈ રહી હમારી મત કોલ્હૂકેસે બૈલકી ॥ ૪૦ ॥

समयसार नाटक पद्यद्वार ।

*मंसट्ठिसुक्कसोणियपित्ततसवत्तकुणिमदुग्गंधं ।
खरिसवसपूयखिब्भिसभरियं चिंतेहि देहउडं ॥ ४२ ॥

અર્થ–હે આત્મન્ ! આ દેહ રૂપ ઘટ માંસ હાડકાં વીર્ય, રુધિર પિત્ત, આંતરડાંવસ્તુથી શબવત્ દુર્ગંધ, રુધિરમિશ્રિત અપક્વ મલ, મેદ, પરુ રોગ–એ સર્વ મલિન વસ્તુથી ભરપૂર છે એમ ચિંતવ. ૪૨.

भावपाहुड ।

* આ ગાથા ક્ષેપક માલૂમ પડે છે કેમકે એમાં કહેલું વર્ણન ઉપરની બે ગાથાઓમાં આવી જાય છે

૬–અંધેરી ૭ ખરાબ ૮–કાણી આંખ, ૯ આધાર

‡‡ देहादो वदिरित्तो कम्मविरहिओ अणंतसुहणिलयो ।
चोक्खो हवेइ अप्पा इदि णिच्चं भावणं कुज्जा ॥ ४६ ॥

देहात् व्यतिरिक्तः कर्मविरहितः अनन्तसुखनिलयः ।
प्रशस्तः भवति आत्मा इति नित्यं भावनां कुर्यात् ॥ ४६ ॥

અર્થઃ-આત્મા દેહથી જુદો, કર્મરહિત, અનંત સુખનું ધામ છે; તેથી તે શુદ્ધ છે એમ નિત્ય ભાવના ભાવવી જોઈએ. ૪૬.

---

‡‡ दुट्ठट्ठकम्मरहियं अणोवमं णाणविग्गहं णिच्चं ।
सुद्धं जिणेहिं कहियं अप्पाणं हवइ सद्दव्वं ॥ १८ ॥

અર્થઃ-આત્મા દુષ્ટ આઠ કર્મરહિત, અનુપમ, જ્ઞાનરૂપ શરીરયુક્ત, અવિનાશી, ને શુદ્ધ [ વિકારરહિત કેવલજ્ઞાનમયી ] છે એમ જિનવરો વડે કહેવાયું છે. આત્મારૂપ નિજદ્રવ્ય જાણવાયોગ્ય છે. ૧૮.

मोक्षपाहुड ।

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસરહિત;

× × ×

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર, અમર, અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.

× × ×

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ.

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર.

## ૮ *આસ્રવભાવના

मिच्छत्तं अविरमणं कसायजोगा य आसवा होंति ।
पणपणचउतियभेदा सम्मं परिकित्तिदा समए ॥ ४७ ॥
मिथ्यात्वं अविरमणं कषाययोगाश्च आस्रवा भवन्ति ।
पञ्चपञ्चचतुस्त्रिकभेदाः सम्यक् परिकीर्तिताः समये ॥ ४७ ॥

सोरठा

• મોહનીંદકે જોર જગવાસી ઘુમે સદા ।
કર્મચોર ચહુ ઓર સરવસ લૂટૈ સુધ નહીં ॥

ગીત

નહીં સુખ યા જીવકો યહ કર્મ આસ્રવ નિત કરૈ ।
મન વચન તનકે યોગતૈં નિત શુભ અશુભ કર્મ હિ વરૈ ॥
તિન કર્મકે બંધન ભયે તિન ઉદયતૈ સુખદુઃખ લહો ।
તાતૈં મિથ્યાત પ્રમાદ અવિરત ૮ છુ ગાને સિર ગહો ॥

સ્વ૦ કવિ શ્રીભૂધરદાસ

* मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु ।
बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा ॥ १६४ ॥
णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति ।
तेसिं पि होदि जीवो य रागदोसादिभावकरो ॥ १६५ ॥

અર્થ: મિથ્યાત્વ અવિરમણ કષાય અને યોગ-એ આસ્રવો સંજ્ઞ [ચેતનના વિકાર] છે અને અસંજ્ઞ [પુદ્ગલના વિકાર] પણ છે. વિવિધ ભેદવાળા સંજ્ઞ આસ્રવો જે જીવમાં ઉત્પન્ન થાય છે તે તો જીવના જ અનન્ય પરિણામ છે. વળી અસંજ્ઞ આસ્રવો જ્ઞાનાવરણાદિ કર્મનું કારણ થાય છે અને તેમને પણ [અસંજ્ઞ આસ્રવોને પણ કર્મબંધનું નિમિત્ત થવામાં] રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ કારણ [નિમિત્ત] થાય છે ૧૬૪-૧૬૫

અર્થ:—મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ [મન, વચન કાયની પ્રવૃત્તિ] રૂપ પરિણામ આસ્રવ [કર્મો આવવાના દ્વાર] છે, અને તેના ક્રમશ પાચ પાંચ ચાર અને ત્રણ ભેદ જિનશાસનમા અથવા પ્રકારે કહ્યા છે

ભાવાર્થ —આત્માના મિથ્યાત્વાદિ પરિણામોનુ નામ આસ્રવ છે ૪૭

एगंतविणयविवरियसंसयमण्णाणमिदि हवे पंच ।
अविरमणं हिंसादी पंचविहो सो हवइ णियमेण ॥ ४८ ॥

एकान्तविनयविपरीतसंशय अज्ञान इति भवति पञ्च ।
अविरमणं हिंसादि पञ्चविधं तत् भवति नियमेन ॥ ४८ ॥

અર્થ — +મિથ્યાત્વના એકાન્ત[1], વિનય[2], વિપરીત[3], સંશય[4] અને

+ મિથ્યાત્વ=મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી કુદેવમા દેવબુદ્ધિ કુગુરુમાં ગુરુબુદ્ધિ, કુધર્મમાં ધર્મબુદ્ધિ ઇત્યાદિ વિપરીતાભિનિવેશરૂપ જીવના પરિણામ

૧ એકાન્ત મિથ્યાત્વ–પદાર્થ વિષે અનેક ધર્મ છે છતા તેને સર્વથા એક જ ધર્મવાળો માનવો તે. જેમકે–આત્માને સર્વથા ક્ષણિક અથવા સર્વથા નિત્ય માનવો તે

૨ વિનય મિથ્યાત્વ–સમસ્ત દેવ અને સમસ્ત મતોમાં સમદર્શીપણુ માનવુ તે

૩ વિપરીત મિથ્યાત્વ દ્રવ્યનુ સ્વરૂપ જે પ્રકારે છે તેથી ઊંધી માન્યતારૂપ જીવની રુચિ. જેમકે—શરીરને આત્મા માને, સગ્રંથને નિર્ગ્રંથ માને, કેવળીના સ્વરૂપને વિપરીતપણે માને

૪ સંશય—આત્મા પોતાના ભાવનો કર્તા થતો હશે કે પરવસ્તુના ભાવનો કર્તા થતો હશે એ પ્રકારે [illegible] તે સાંશયિક મિથ્યાત્વ કહે છે.

किण्हादितिण्णि लेस्सा करणजसोक्खेसु गिद्धिपरिणामो ।
ईसाविसादभावो असुहमणं त्ति य जिणा वेंति ॥५१॥
कृष्णादितिस्रः लेश्याः करणजसौख्येषु गृद्धिपरिणामः ।
ईर्ष्या[1]विषादभावः अशुभमन इति च जिना: ब्रुवन्ति ॥५१॥

અર્થ :–જેમાં કૃષ્ણ[2], નીલ[3] અને કાપોત[4]–એ ત્રણ લેશ્યાં[1] હોય,

૧. લેશ્યા–કષાયના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિને ભાવલેશ્યા કહે છે અને શરીરના કૃષ્ણ, નીલ, પીતાદિ વર્ણોને દ્રવ્યલેશ્યા કહે છે.

૨ કૃષ્ણલેશ્યા–વર્ણની અપેક્ષાએ ભ્રમર સમાન; લક્ષણઃ–તીવ્રતમ ક્રોધ કરનાર, રાગદ્વેષરૂપી ગ્રહથી ઘેરાયેલ, દુરાગ્રહી, અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ કષાયસહિત કઠોર, વેરને ન છોડનાર, યુદ્ધ કરવાનો સ્વભાવી, ધર્મ અને દયા રહિત, દુષ્ટ, કોઇનો કોઈ પ્રકાર વશી ન હોય, મદ્ય-માંસમાં લંપટ, પાપમાં આસક્ત. કૃષ્ણલેશ્યાધારકના આવા તીવ્રતમ પરિણામ હોય.

૩. નીલલેશ્યા–વર્ણની અપેક્ષાએ નીલમ સમાન, લક્ષણ.–સ્વચ્છંદ સંગ્રાહક હોય, અધિક પરિગ્રહ રાખનાર, અધિક આરંભ કરનાર, ચોરી કરનાર, બહુ સુસ્ત રહેનાર, વર્તમાન કાર્ય કરવામાં વિવેકરહિત હોય, પાંચ ઇન્દ્રિયોના વિષયોનો લોલુપી હોય, અહંકારી હોય, માયાચારી હોય. નીલલેશ્યાધારકના આવા તીવ્રતર પરિણામ હોય.

૪. કાપોતલેશ્યા–વર્ણની અપેક્ષાએ કબૂતર સમાન, લક્ષણ–અન્યપર ક્રોધ કરનાર, પરની નિંદા કરનાર, પરને બહુ દૂષણ લગાડનાર, શોકાકુલિત તથા ભયગ્રસ્ત થનાર, પરનો તિરસ્કાર કરનાર, પોતાની પ્રશંસા કરનાર, પોતાની પ્રશંસા સાંભળી રાજી થનાર, અન્યના યશનો નાશ કરનાર. કાપોતલેશ્યાધારકના આવા તીવ્ર પરિણામ હોય.

જેમ જેમ સંક્લેશ પરિણામની હાનિ થતી જાય છે તેમ તેમ આત્મા

ઇન્દ્રિય સંબંધી સુખોમાં જેના ગૃદ્ધિ [લોલુપ] પરિણામો હોય અને ઇર્ષા તથા વિષાદ [ખેદ] રૂપ જેના ભાવ રહેતા હોય તેને શ્રીજિનેન્દ્ર દેવો અશુભ મન કહે છે. ૫૧.

रागो दोसो मोहो हास्सादी–णोकसायपरिणामो ।
थूलो वा सुहुमो वा असुहमणो त्ति य जिणा वेंति ॥ ९२ ॥
रागः द्वेषः मोहः हास्यादि–नोकषायपरिणामः ।
स्थूलः वा सूक्ष्मः वा अशुभमन इति च जिना ब्रुवन्ति ॥ ५२ ॥

અર્થ:–રાગ, દ્વેષ, મોહ તથા ×નોકષાય–હાસ્ય, આદિ [રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા (ઘૃણા), સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ] રૂપ પરિણામ–ભલે તીવ્ર હો કે મન્દ હો પણ તે અશુભ મન છે એમ શ્રીજિનદેવો કહે છે ૫૨.

भत्तित्थिरायचोरकहाओ वयणं वियाण असुहमिदि ।
बंधणछेदणमारणकिरिया सा असुहकायेत्ति ॥ ९३ ॥
भक्तस्त्रीराजचौरकथाः वचनं विजानीहि अशुभमिति ।
बन्धनछेदनमारणक्रिया सा अशुभकाय इति ॥ ५३ ॥

અર્થ.–ભોજનકથા, સ્ત્રીકથા, રાજકથા અને ચોરકથા –આ વિકથાનું કથન અશુભ વચન જાણ; અને બંધન, છેદન અને તાડનની ક્રિયાઓને અશુભ કાય કહે છે ૫૩.

---

ઉત્તરોત્તર ઉપરની લેશ્યામાં પરિણમન કરે છે અને જેમ જેમ સંક્લેશ પરિણામોની વૃદ્ધિ થાય છે તેમ તેમ આત્મા ઉત્તરોત્તર નીચેની લેશ્યામાં પરિણમન કરે છે આ પ્રમાણે સંક્લેશના હાનિવૃદ્ધિની અપેક્ષાએ જીવ ઉપરોક્ત ત્રણ અશુભ લેશ્યારૂપ પરિણમન કરે છે

×નોકષાય–મુખ્ય કષાય [ક્રોધ, માન, માયા, લોભ] ને સહચારી એવા ઉદ્દીપક કષાય, તે નવ છે અને તે આ ગાથામાં વર્ણવેલ છે.

मोत्तूण असुहभावं पुव्वुत्तं णिरवसेसदो दव्वं ।
वदसमिदिसीलसंजमपरिणामं सुहमणं जाणे ॥ ५४ ॥
मुक्त्वा अशुभभावं पूर्वोक्तं निरवशेषतः द्रव्यम् ।
व्रतसमितिशीलसंयमपरिणामं शुभमनः जानीहि ॥ ५४ ॥

અર્થ:-પ્રથમ કહેલા રાગ-દ્વેષ આદિ પરિણામોને અને સર્વ ધન, ધાન્ય આદિ પરિગ્રહને છોડી દે, વ્રત, સમિતિ, શીલ અને સંયમરૂપ પરિણામ થાય છે તેને શુભ મન કહે છે. ૫૪.

संसारछेदकारणवयणं सुहवयणमिदि जिणुद्दिट्ठं ।
जिणदेवादिसु पूजा सुहकायं त्ति य हवे चेट्ठा ॥ ५५ ॥
संसारच्छेदकारणवचनं शुभवचनमिति जिनोद्दिष्टम् ।
जिनदेवादिषु पूजा शुभकायमिति च भवति चेष्टा ॥ ५५ ॥

અર્થ:-જન્મ-મરણરૂપ સંસારના નાશ કરનાર વચનને જિન ભગવાને શુભ વચન કહ્યું છે; અને જિનદેવ, જિનગુરુ, તથા જિનશાસ્ત્રોની પૂજારૂપ કાયાની ચેષ્ટાને શુભ કાય કહે છે. ૫૫.

---

૧. વ્રતઃ-હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ- આ પાંચ પાપોથી ભાવપૂર્વક વિરક્ત થવું તે.

૨. સમિતિ:-જંતુઓની હિંસા ટાળવા માટે સમ્યક્ યત્નાચારપૂર્વક પ્રવૃત્તિ. તેના પાંચ ભેદ છેઃ-સમ્યક્ ઈર્યા, સમ્યક્ ભાષા, સમ્યક્ એષણા, સમ્યક્ આદાન-નિક્ષેપણ ને સમ્યક્ ઉત્સર્ગ

૩. શીલઃ-મૂળ વ્રતોને પુષ્ટિરૂપ ઉપાય

૪. સંયમ-અહિંસા આદિ પંચ વ્રત ધારણ કરવાને, ઈર્યાપથ આદિ પાંચ સમિતિઓ પાળવાને, ક્રોધાદિ કષાયોનો નિગ્રહ કરવાને, મનોયોગાદિ ત્રણે યોગોને રોકવાને તથા સ્પર્શન આદિ પાંચે ઇન્દ્રિયોના વિષયોનો વિજય કરવો તેને સંયમ કહે છે.

जम्मसमुद्दे बहुदोसवीचिये दुक्खजलचराकिण्णे ।
जीवस्स परिब्भमणं कम्मासवकारणं होदि ॥ ५६ ॥
जन्मसमुद्रे बहुदोषवीचिके दुःखजलचराकीर्णे ।
जीवस्य परिभ्रमणं कर्मास्रवकारणं भवति ॥ ५६ ॥

અર્થ:-જેમાં ક્ષુધા, તૃષા આદિ દોષરૂપ તરંગો ઊઠે છે અને જે દુઃખરૂપ મચ્છ-કચ્છ આદિ જલચરોથી ભરપૂર છે એવા સંસારસમુદ્રમાં કર્મોના આસ્રવના કારણે જ જીવનું પરિભ્રમણ થાય છે. ૫૬.

कम्मासवेण जीवो बूडदि संसारसागरे घोरे ।
जण्णाणवसं किरिया मोक्खणिमित्तं परंपरया ॥ ५७ ॥
कर्मास्रवेण जीवः ब्रूडति संसारसागरे घोरे ।
या ज्ञानवशा क्रिया मोक्षनिमित्तं परम्परया ॥ ५७ ॥

અર્થ:-જીવ આ સંસારરૂપ મહાસમુદ્રમાં અજ્ઞાનવશ કર્મોનો +આસ્રવ કરીને ડૂબે છે; કેમકે જે *ક્રિયા જ્ઞાનપૂર્વક થાય છે તે પરંપરાએ મોક્ષનું કારણ થાય છે [અજ્ઞાનવશ કરેલી ક્રિયા નહિ]. ૫૭.

---

+ भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो ।
रागादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि ॥ १६७ ॥

ભાવાર્થ:-રાગાદિ સાથે મળેલો અજ્ઞાનમય ભાવ જ બંધનો કરનાર છે; રાગાદિ સાથે નહિ મળેલો જ્ઞાનમય ભાવ બંધનો કરનાર નથી. ૧૬૭.

समयसार ।

* चारित्तसमारूढो अप्पासु परं ण ईहए णाणी ।
पावइ अइरेण सुहं अणोवमं जाण णिच्छयदो ॥ ४३ ॥

અર્થ:-જે જ્ઞાની છે વળી ચારિત્રસહિત છે તે સ્વઆત્મામાં પરદ્રવ્યને ઇચ્છે નહિ. પરદ્રવ્યમાં રાગ, દ્વેષ, મોહ કરે નહિ; અને તે અનુપમ, અવિનાશી સુખ નિશ્ચયપૂર્વક પ્રાપ્ત કરે છે. ૪૩.

चारित्रपाहुड ।

आसवहेदू जीवो जम्मसमुद्दे णिमज्जदे खिप्पं।
आसवकिरिया तम्हा मोक्खणिमित्तं ण चिंतेज्जो ॥ ५८ ॥
आस्रवहेतोः जीवः जन्मसमुद्रे निमज्जति क्षिप्रम्।
आस्रवक्रिया तस्मात् मोक्षनिमित्तं न चिन्तनीया ॥ ५८ ॥

અર્થ-જીવ આસ્રવના કારણે સંસાર સમુદ્રમાં ગોથાં ખાય છે; માટે આસ્રવ-ક્રિયા [જેથી કર્મનું આગમન થાય તે] મોક્ષ નિમિત્ત નથી એમ ચિંતવવું જોઈએ. ૫૮

पारंपज्जाएण दु आसवकिरियाए णत्थि णिव्वाणं।
संसारगमणकारणमिदि णिंदं आसवो जाण ॥ ५९ ॥
पारम्पर्येण तु आस्रवक्रियया नास्ति निर्वाणम्।
संसारगमनकारणमिति निन्द्यं आस्रवं जानीहि ॥ ५९ ॥

અર્થ:-કર્મના આસ્રવ કરનારી ક્રિયાથી પરંપરાએ પણ નિર્વાણ પ્રાપ્ત થઈ શકતું નથી; માટે સંસારમાં ભટકાવવાના કારણરૂપ આસ્રવને નિંદ્ય જાણો. ૫૯

દોહા

બાધક ભાવ જહાં તહાં, શુદ્ધ ચેતનકી બાધ।
તાતેં જ્ઞાન-વિરામ મિલિ, સિવ સાધૈ સમકેઘ ॥ ૮૩ ॥
જહાં જ્ઞાન-ક્રિયા મિલૈ, તહાં મોખ-મગ સોઇ।
વહ જાનૈ પદકો મરમ, વહ પદમૈં થિર હોઇ ॥ ૮૫ ॥

સર્વવિશુદ્ધિદ્વાર.

વિનસિ અનાદિ અસુદ્ધતા હોઇ સુદ્ધતા પોખ।
તા પરનતિકો બુધ કહૈં, જ્ઞાન-ક્રિયાસોં મોખ ॥ ૩૮ ॥

સાધ્યસાધકદ્વાર.

સ્વ૦ કવિ શ્રીબનારસીદાસ.

*पुव्वुत्तासवभेया णिच्छयणएण णत्थि जीवस्स ।
उहयासवणिम्मुक्कं अप्पाणं चिंतए णिच्चं ॥ ६० ॥
पूर्वोक्तास्रवभेदाः निश्चयनयेन न सन्ति जीवस्य ।
उभयास्रवनिर्मुक्तं आत्मानं चिन्तयेत् नित्यम् ॥ ६० ॥

અર્થ-પૂર્વોક્ત મિથ્યાત્વ અવિરતિ આદિ આસ્રવના ભેદ કહ્યા છે તે નિશ્ચય નયે જીવને હોતા નથી, માટે †આત્માનું દ્રવ્ય અને ભાવરૂપ બન્ને પ્રકારના આસ્રવ રહિત ચિંતવન સદાય કરવું જોઈએ. ૬૦.

---

* जीवस्स णत्थि रागो णवि दोसो णेव विज्जदे मोहो ।
णो पच्चया ण कम्मं णोकम्मं चावि से णत्थि ॥ ५१ ॥

અર્થઃ-જીવને રાગ નથી, દ્વેષ પણ નથી, મોહ પણ વિદ્યમાન નથી આસ્રવો પણ નથી, કર્મ પણ નથી અને નોકર્મ પણ નથી ૫૧
समयसार ।

वसन्ततिलका

अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न-
मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते ।
रागादिमुक्तमनसः सततं भवन्तः
पश्यन्ति बन्धविधुरं समयस्य सारम् ॥ १२० ॥

અર્થ-ઉદ્ધત (કોઈનું દબાવ્યું દબાય નહિ એવું ઉન્નત) જ્ઞાન જેનું લક્ષણ છે એવા શુદ્ધ નયમાં રહીને અર્થાત્ શુદ્ધ નયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો આશ્રય કરે છે તેઓ નિરંતર રાગાદિ રહિત ચિત્તવાળા વર્તતા થકા, બંધરહિત એવા સમયના સારને અર્થાત્ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને દેખે છે-અનુભવે છે ૧૨૦ समयसारकलश ।

†આત્માની રાગાદિ ભાવરૂપ પ્રવૃત્તિને ભાવઆસ્રવ કહે છે, અને આ પ્રવૃત્તિથી કાર્મણ વર્ગણારૂપ પુદ્ગલસ્કંધોના આગમનને દ્રવ્યઆસ્રવ કહે છે.

## * ૮–સંવર ભાવના

चलमलिणमगाढं च वज्जिय सम्मत्तदिढकवाडेण ।
मिच्छत्तासवदारणिरोहो होदित्ति जिणेहिं णिद्दिट्ठं ॥ ६१ ॥

चलमलिनमगाढं च वर्जयित्वा सम्यक्त्वदृढकपाटेन ।
मिथ्यात्वास्रवद्वारनिरोधः भवतीति जिनैः निर्दिष्टम् ॥६१॥

અર્થ.–ચલ[1], મલિન[2] અને અગાઢ[3]–એવા ત્રણ દોષ રહિત

---

ગીતા

* સદ્‌ગુરુ દેય જગાય, મોહનીંદ જબ ઉપશમૈ ।
તબ કછુ બનહિ ઉપાય, કર્મ ચોર આવત રુકૈ ॥
રુકૈ તબ હી કર્મ આસ્રવ, કિયે સંવર આવસૌં ।
અરુ મહાવ્રત પન સમિતિ, ગુપ્તી તીન દશ વૃષ ભાવસૌં ॥
પરિસહ સહન અરુ ભાવના ચિત ચિતૌ નિત હી સહી ।
તાતૈં જુ હોવૈ કર્મ સંવર, યહી જિનમુનિમ કહી ॥

સ્વ૦ કવિ શ્રીભૂધરદાસ

૧ ચલ દોષ –જે પ્રકારે એક જ જલ અનેક કલ્લોલ રૂપે પરિણત થાય છે તે જ પ્રકારે સમ્યગ્દર્શનસંપૂર્ણ તીર્થંકર વા અર્હન્તોમાં સમાન અનંત શક્તિ હોવા છતાં પણ 'શ્રી શાન્તિનાથજી શાન્તિ અર્થે' અને શ્રી પાર્શ્વનાથજી રક્ષા કરવા અર્થે સમર્થ છે –એ રીતે અનેક વિષયોમાં ચલાયમાન થવું તે

૨ મલિન દોષ –જે પ્રકારે શુદ્ધ સુવર્ણ પણ મલના નિમિત્તથી મલિન કહેવામાં આવે છે તે જ પ્રકારે સમ્યક્ત્વપ્રકૃતિના ઉદયથી આત્મા મલિન કહેવાય છે અર્થાત્ જેમાં પૂર્ણ નિર્મળતા નથી તે

૩. અગાઢ દોષ –જેમ વૃદ્ધ પુરુષના હાથમાં રહેલી લાકડી પણ કંપે

સમ્યક્ત્વ-સ્વરૂપ સંવર (૬૭) કમાડોથી મિથ્યાત્વરૂપ આસ્રવના દ્વાર બંધ થાય છે એમ શ્રીજિન ભગવાનોએ કહ્યું છે.

ભાવાર્થ:—આત્માના †સમ્યક્ત્વરૂપ પરિણામોથી મિથ્યાત્વનો આસ્રવ રોકાય છે એટલે કે મિથ્યાત્વનો સંવર થાય છે. ૬૧.

पंचमहव्वयमणसा अविरमणणिरोहणं हवे णियमा ।
कोहादि आसवाणं दाराणि कसायरहिय पल्लगेइ ॥ ६२ ॥
पंचमहाव्रतमनसा अविरमणनिरोधनं भवति नियमात् ।
क्रोधादि आस्रवाणां द्वाराणि कषायरहितः प्रलगयति ॥६२॥

અર્થ:—અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ પરિણામોથી હિંસાદિ પાંચ આસ્રવોનું આગમન નિશ્ચયપૂર્વક રોકાઈ જાય છે અને ક્રોધાદિ કષાયરહિત [આત્મા] આસ્રવોના દ્વાર બંધ કરી શકે છે.

ભાવાર્થ:—પાંચ મહાવ્રતોથી પાંચ પાપોનો સંવર થાય છે અને કષાયોને રોકવાથી કષાય-સંવર થાય છે. ૬૨.

---

છે તેમ સમ્યગ્દર્શન હોવા છતાં પણ પોતાના બનાવરાવેલા મંદિરાદિમાં 'આ મારું મંદિર છે' અને બીજાના બનાવરાવેલાને 'આ બીજાનું છે'—એવો જે ભ્રમ થાય તેને અગાઢ સમ્યગ્દર્શન કહે છે.

ઉપજાતિ

† संपद्यते संवर एष साक्षा-च्छुद्धात्मतत्त्वस्य किलोपलंभात् ।
स भेदविज्ञानत एव तस्मात्, तद्भेदविज्ञानमतीव भाव्यम् ॥१२९॥

ભાવાર્થ:—જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે, શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે અને અનુક્રમે સંવર થાય છે માટે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે. ૧૨૯.

समयसार कलश

"सुहजोगेसु पवित्ती संवरणं कुणदि असुहजोगस्स।
सुहजोगस्स णिरोहो सुद्धुवजोगेण संभवदि ॥ ६२ ॥
शुभयोगेषु प्रवृत्तिः संवरणं करोति अशुभयोगस्य ।
शुभयोगस्य निरोधः शुद्धोपयोगेन सम्भवति ॥ ६३ ॥

અર્થ.-મન, વચન, કાયની શુભ પ્રવૃત્તિઓથી અશુભ યોગનો સંવર થાય છે; અને શુદ્ધોપયોગથી શુભ યોગનો નિરોધ [સંવર] થાય છે ૬૩.

सुद्धुवजोगेण पुणो धम्मं सुक्कं च होदि जीवस्स।
तम्हा संवरहेदू झाणोत्ति विचिंतये णिच्चं ॥ ६४ ॥
शुद्धोपयोगेन पुनः धर्मं शुक्लं च भवति जीवस्य।
तस्मात् संवरहेतुः ध्यानमिति विचिन्तयेत् नित्यम् ॥६४॥

દોહા

શુદ્ધાતમ અનુભવ જહાં, શુભાચાર તહાં નાહિ।
કરમ કરમ-મારગ વિષૈ, સિવ મારગ સિવમાહિ ॥ ૩૫ ॥

मोक्षद्वार ।

॥तह्मा दु कुसीलेहि य रायं मा कुणह मा व संसग्गं ।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेण ॥ १४७॥

ટીકાર્થ.-જેમ કુશીલ એવી મનોરમ અને અમનોરમ કાયણીરૂપ કૂટણી સાથે રાગ અને સંસર્ગ (હાથાને) બંધનાં કારણ થાય છે, તેવી રીતે કુશીલ એવા શુભ અને અશુભ (કર્મ) સાથે રાગ અને સંસર્ગ બંધનાં કારણ હોવાથી શુભાશુભ કર્મો સાથે રાગ અને સંસર્ગનો નિષેધ કરવામાં આવ્યો છે ૧૪૭

समयसार ।

૧. બંધનું કારણ ૨ સ્વાત્મામાં

અર્થ.-વળી શુદ્ધોપયોગથી જીવને ધર્મધ્યાન અને શુક્લ-ધ્યાન થાય છે તેથી સંવરનું કારણ ધ્યાન છે એમ નિરંતર વિચારતાં રહેવું જોઈએ ૬૪

§जीवस्स ण संवरणं परमत्थणयेण सुद्धभावादो ।
संवरभावविमुक्कं अप्पाणं चिंतये णिच्चं ॥ ६५ ॥

जीवस्य न संवरणं परमार्थनयेन शुद्धभावात् ।
संवरभावविमुक्तं आत्मानं चिन्तयेत् नित्यम् ॥ ६५ ॥

અર્થ -પરમશુદ્ધ નિશ્ચયનયે [વાસ્તવિકપણે] જીવમાં સંવર જ નથી; તેથી સંવરના વિકલ્પરહિત આત્માનું શુદ્ધ ભાવપૂર્વક નિરંતર ચિંતવન કરવું જોઈએ ૬૫.

---

માલિની

§यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमान शुद्धात्मानमास्ते ।
तदयमुदयदात्माराममात्मानमात्मा
परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति ॥ १२७ ॥

ભાવાર્થ- ધારાવાહી [પ્રવાહરૂપ] જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી રાગ, દ્વેષ, મોહરૂપ પરપરિણતિનો [ભાવાસ્રવનો] નિરોધ થાય છે અને તેથી આત્માનંદ પ્રગટ થતાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે ૧૨૭

समयसारकलश ।

## *૧૦. નિર્જરા ભાવના

बंधपदेसग्गलणं णिज्जरणं इदि जिणेहिं पण्णत्तं ।
जेण हवे संवरणं तेण दु णिज्जरणमिदि जाणे ॥ ६६ ॥

बन्धप्रदेशगलनं निर्जरणं इति जिनैः प्रज्ञप्तम् ।
येन भवति संवरणं तेन तु निर्जरणमिति जानीहि ॥ ६६ ॥

અર્થ:-કર્મબંધના પુદ્‌ગલવર્ગણારૂપ પ્રદેશોનું ગલન તે નિર્જરા છે એમ શ્રીજિનોએ કહ્યુ છે, અને જે પરિણામથી સંવર થાય છે તેનાથી નિર્જરા થાય છે એમ જાણ ૬૬.

---

દોહા

* ધાર નિર્જરા સાર સાર સંવરપૂર્વક જો હો હૈ ।
યહી નિર્જરા સાર કહી અવિપાક નિર્જરા સો હૈ ॥
ઉદય ભયે ફલ દેય નિર્જરે સો સવિપાક કહાવે ।
તાસોં જિયકા કાજ ન સરિ હૈ, સો સબ વ્યર્થ હિ જાવે ॥

સ્વ૦ કવિ શ્રીભૂધરદાસ.

શાર્દૂલવિક્રીડિત

रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः
कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुंधन् स्थितः ।
प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा
ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति ॥ १३३ ॥

ભાવાર્થ:-સંવર થયા પછી નવાં કર્મ તો બંધાતા નથી. જે પૂર્વે બંધાયાં હતા તે કર્મો જ્યારે નિર્જરે છે ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી જ્ઞાન એવુ થાય છે કે ફરીને રાગાદિ રૂપે પરિણમતુ નથી-સદા પ્રકાશરૂપ જ રહે છે ૧૦

समयसारकलश ।

+सा पुण दुविहा णेया सकालपक्का तवेण कयमाणा ।
चदुगदियाणं पढमा वयजुत्ताणं हवे बिदिया ॥ ६७ ॥
सा पुनः द्विविधा ज्ञेया स्वकालपक्वा तपसा क्रियमाणा ।
चातुर्गतिकानाम् प्रथमा व्रतयुक्तानाम् भवति द्वितीया ॥६७॥

અર્થ-વળી નિર્જરા બે પ્રકારની છે; એક તો જે પોતાનો કાળ પૂર્ણ કરીને પાકે છે અર્થાત્ જેમાં કર્મ પોતાની સ્થિતિ પૂર્ણ કરીને નિર્જરી જાય છે; અને બીજી તપ કરવાથી થાય છે અર્થાત્ જેમાં કર્મની સ્થિતિ તપદ્વારા વચમાં પાકીને ખરી જાય છે. તેમા પહેલી સ્વકાલપક્વ વા સવિપાક નિર્જરા ચારે ગતિવાળા જીવોને હોય છે અને બીજી તપકૃતા વા અવિપાક નિર્જરા વ્રતીઓ (સમ્યગ્દષ્ટિ શ્રાવક તથા મુનિ) ને હોય છે ૬૭.

---

## *૧૧. ધર્મ ભાવના

एयारसदसभेयं धम्मं सम्मत्तपुव्वयं भणियं ।
सागारणगाराणं उत्तमसुहसंपजुत्तेहिं ॥ ६८ ॥

---

+ આ ગાથા 'સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા' ગ્રંથમાં ૧૦૪ મી છે નિર્જરાનું વાસ્તવિક સ્વરૂપ શ્રીસમયસારમાં નીચે પ્રમાણે કહ્યું છે –
उदयविवागो विविहो कम्माणं वण्णिओ जिणवरेहिं ।
ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमिक्को ॥ १९८ ॥
અર્થ-કર્મોના ઉદયના વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે, તે મારા સ્વભાવો નથી, હું તો એક જ્ઞાયકભાવ છું ૧૯૮.

દોહા

* જાચે સુરતરુ દેત સુખ, ચિંતત ચિંતા રૈન ।
બિન જાચે બિન ચિંતયે, ધર્મ સકલ સુખ દૈન ॥

एकादशदशभेदो धर्मो सम्यक्त्वपूर्वको भणितं ।
सागारनगारयोः उत्तमसुखसम्प्रयुक्तैः ॥ ६८ ॥

અર્થઃ-ઉત્તમ સુખ અર્થાત્ આત્મિક સુખમાં લીન જિન-દેવોએ કહ્યું છે કે શ્રાવક અને મુનિનો ધર્મ જે સમ્યક્ત્વસહિત છે તે ક્રમશઃ અગ્યાર અને દશ પ્રકારનો છે. અર્થાત્ શ્રાવકનો અગ્યાર પ્રકારનો ધર્મ અને મુનિનો દશ પ્રકારનો ધર્મ છે. ૬૮.

†દંસણવયસામાઇયપોસહસચિત્તરાયભત્તે ય ।

ધર્મ સકલ સુખ દેન રેન, દિન ભવિ ઉત્તમ મન આના ।
પઃ દર્શન પ્રભા મૃષા મતમતકા મત ન સુહાના ॥
વીતરાગ સર્વજ્ઞ દેવ ગુરુ ધર્મ અહિંસા જાનો ।
અનેકાંત સિદ્ધાન્ત સબ તત્ત્વનકા કર સરધાનો ॥

સ્વ૦ કવિ શ્રી ભૂધરદાસ.

સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ.

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર

† આ ગાથા શ્રી ગોમ્મટસાર-કર્મકાંડમાં ૪૭૭મી ગાથા તરીકે છે

× આ ગાથાને શ્રીકુન્દકુન્દાચાર્યરચિત 'ચારિત્ર પાહુડ' ની બાવી-શમી ગાથાથી પુષ્ટિ મળે છે, પણ આ વિષય ઉપર વિશેષ વિવરણ તેઓશ્રીએ કોઈ સ્થળે કર્યું નથી પણ આ વિષય ઉપયોગી હોવાથી શ્રીમુનિ સ્વામિકાર્તિકેય વિરચિત અનુપ્રેક્ષામાંથી ઉદ્ધૃત કરી અત્ર દાખલ કરેલ છે. કોઈ સ્થળે શ્રીસમન્તભદ્રાચાર્યના આધાર પણ આપેલ છે

આ પ્રતિમાઓનું વિવરણ કર્યા પહેલાં પ્રથમ 'સમ્યક્ત્વી કોણ થઈ શકે' તે જાણવાની જરૂર હોઈને તત્સંબંધી અત્ર લખેલ છે.-

चउगदिभव्वो सण्णी सुविसुद्धो जग्गमाणपज्जत्तो ।
संसारतडे नियडो णाणी पावेइ सम्मत्तं ॥ ३०७ ॥

ભાવાર્થ.-ચારેય ગતિમાં, ભવ્ય, સંજ્ઞી, વિશુદ્ધ પરિણામી,

बम्हारंभपरिग्गहअणुमणमुद्दिट्ठदेसविरदेदे ॥ ६९ ॥
दर्शनव्रतसामायिकपौषधसचित्तरात्रिभक्ताः च ।
ब्रह्मारम्भपरिग्रहानुमतोद्दिष्टा देशविरतस्यैते ॥ ६९ ॥

---

જાગૃત, પર્યાપ્તિપૂર્ણ, જેને સંસારતટ નિકટ હોય અર્થાત્ જે નિકટભવ્ય હોય, સાકાર ઉપયોગવંત–આ ગુણસંયુક્ત જે જ્ઞાની હોય તેને સમ્યક્ત્વ ઉપજે છે ૩૦૭

उत्तमगुणगहणरओ उत्तमसाहूण विणयसंजुत्तो ।
साहम्मियअणुराई सो सद्दिट्ठी हवे परमो ॥ ३१५ ॥

ભાવાર્થ –[સમ્યગ્દર્શન આદિ] ઉત્તમ ગુણગ્રહણનો અનુરક્ત, ઉત્તમ ગુણધારક સાધુ પ્રત્યેનો વિનયસંપન્ન અને સ્વધર્મીનો અનુરાગી હોય તે ઉત્તમ સમ્યગ્દષ્ટિ થાય. ૩૧૫

देहमिलियं पि जीवं णियणाणगुणेण मुणदि जो भिण्णं ।
जीवमिलियं पि देहं कंचुअसरिसं वियाणेई ॥ ३१६ ॥

ભાવાર્થઃ–જીવ દેહમિલિત હોવા છતાં પણ નિજજ્ઞાનગુણ વડે પોતાને દેહથી ભિન્ન જાણે છે; દેહ જીવમિલિત હોવા છતાં દેહને જામા [ અંગરખા ] સમાન જાણે; જેમ દેહથી જામો જુદો છે તેમ જ દેહથી આત્મા ભિન્ન [redacted] એમ સમ્યગ્દષ્ટિને દૃઢ શ્રદ્ધાન હોય ૩૧૬.

सम्मत्तगुणप्पहाणो देविंदणरिंदवंदिओ होदि ।
चत्तवयो वि य पावइ सग्गसुहं उत्तमं विविहं ॥ ३२६ ॥

ભાવાર્થઃ-[ પચ્ચીશ મલ દોષ રહિત, નિઃશંકિત આદિ આઠ ગુણ અને શમ આદિ લક્ષણયુક્ત ] સમ્યક્ત્વ ગુણસંપન્ન પુરુષ-પ્રધાન, દેવેન્દ્ર નરેન્દ્ર, ચક્રવર્તી આદિને વન્દનીય છે; તે વ્રતરહિત હોય તો પણ ઉત્તમ વિવિધ સ્વર્ગસુખને પામે છે. ૩૨૬.

અર્થઃ-દર્શન[૧], વ્રત[૨], સામાયિક[૩], પોષધોપવાસ[૪], સચિત્તત્ય[૫]

## ૧. દર્શન પ્રતિમા

बहुतससमण्णिदं जं मज्जं मंसादिणिंदिदं दव्वं ।
जो ण य सेवदि णियमा सो दंसणसावओ होदि ॥ ३२८

ભાવાર્થઃ-બહુ ત્રસ જીવના ઘાતથી ઉત્પન્ન તથા તે મદ્ય મ(મદિરા)ને અને અતિ નિંદ માંસ આદિ દ્રવ્યને જે નિશ્ચ સેવતો નથી તે દાર્શનિક શ્રાવક છે ૩૨૮

दिढचित्तो जो कुव्वदि एवं पि वयं णियाणपरिहीणो ।
वेरग्गभावियमणो सो वि य दंसणगुणो होदि ॥ ३२९ ॥

ભાવાર્થઃ-જે દૃઢચિત્ત થઈ વ્રત કરે, આ લોક સંબંધી સુખ સંપત્તિ વા પરલોકની શુભગતિની વાંછારહિત હોય વૈરાગ્ય ભાવિત ચિત્તયુક્ત હોય તે દાર્શનિક શ્રાવક કહેવાય ૩૨૯

આઠ મૂલગુણ સંગ્રહૈ, કુવિસન ક્રિયા ન કોઈ ।
દરસન ગુન નિરમલ કરૈ, દરસન પ્રતિમા સોઇ ॥

## ૨-વ્રત પ્રતિમા

पंचाणुव्वयधारी गुणवयसिक्खावएहिं संजुत्तो ।
दिढचित्तो समजुत्तो णाणी वयसावओ होदि ॥ ३३० ॥

ભાવાર્થ-જે પાંચ અણુવ્રતધારી હોય, ત્રણ ગુણવ્રત ને શિક્ષાવ્રતસંયુક્ત હોય, દૃઢચિત્ત હોય, સમભાવયુક્ત હોય, જ્ઞાની હોય તે વ્રતપ્રતિમાધારી શ્રાવક છે ૩૩૦.

પંચ અનુવ્રત આદરૈ, તીનૌં ગુનવ્રત પાલ ।
સિચ્છાવ્રત ચારૌ ધરૈ, યહ વ્રત પ્રતિમા ચાલ ॥

રાત્રિભોજનત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ,

## ૩-સામાયિક પ્રતિમા

जो कुणइ काउस्सग्गं बारसआवत्तसंजुदो धीरो ।
णमुणदुगं पि करंतो चदुप्पणामो पसण्णप्पा ॥ ३७१ ॥
चिंतंतो ससरूवं जिणबिंबं अहव अक्खरं परमं ।
ज्झायदि कम्मविवायं तस्स वयं होदि सामाइयं ॥ ३७२ ॥

ભાવાર્થ:—ચારે દિશાઓમાં ત્રણ ત્રણ મળી બાર આવર્ત-સંયુક્ત, ચાર શિરોનતિ સહિત [આદિ અને અંતમાં એકેક પ્રણામ એમ] બે નમસ્કાર કરનાર, તથા આત્મપ્રસન્ન, ધીર [દૃઢચિત્ત] સમ્યગ્દૃષ્ટિ શ્રાવક કાયોત્સર્ગ કરે; તેમાં પોતાના ચૈતન્યમાત્ર શુદ્ધ સ્વરૂપને વા જિનબિંબને અથવા પરમેષ્ઠિવાચક નમોકાર મંત્રને વા કર્મોદય રસની જાતિનું ચિંતન કરે તેને સામાયિક વ્રત હોય છે. આ સામાયિક પ્રતિદિન પ્રાત, મધ્યાહ્ન, સાયં-ત્રણે સમયે બે ઘડીનું વિધિપૂર્વક અતિચારરહિત સામાયિક કરે ૩૭૧-૩૭૨.

દર્વ ભાવ વિધિ સંજુગત, હિયે પ્રતિજ્ઞા ટેક ।
તજિ મમતા સમતા ગ્રહે, અંતરમુહૂરત એક ॥

ચૌપાઈ

જો અરિ મિત્ર સમાન વિચારે, આરત રૌદ્ર કુધ્યાન નિવારે ।
સંયમ સહિત ભાવના ભાવે, સો સામાયિકવંત કહાવે ॥

## ૪-પ્રોષધ-પ્રતિમા

सत्तमितेरसिदिवसे अवरह्णे जाइऊण जिणभवणे ।
किरियाकम्मं काऊ उववासं चउव्विहं गहिय ॥ ३७३ ॥

અનુમતિત્યાગ[10] અને ઉદ્દિષ્ટત્યાગ[11] [નવકોટિ વિશુદ્ધ-મનવચનકાય-

गिहवावारं चत्ता रत्तिं गमिऊण धम्मचिंताए ।
पच्चूहे उट्ठिता किरियाकम्मं च कादूण ॥ ३७४ ॥

सत्थब्भासेण पुणो दिवसं गमिऊण वंदणं किच्चा ।
रत्तिं णेदूण तहा पच्चूहे वंदणं किच्चा ॥ ३७५ ॥

पुज्जणविहिं च किच्चा पत्तं गहिऊण णवरि तिविहं पि ।
भुंजाविऊण पत्तं भुंजंतो पोसहो होदि ॥ ३७६ ॥

ભાવાર્થઃ-દરેક માસની શુક્લ અને કૃષ્ણ સાતમ અને તેરસ તિથિઓના બે પ્રહર વીત્યા બાદ જિનભવને જઈ મધ્યાહ્નસામાયિક આદિ ક્રિયાકર્મ કરી ચાર પ્રકારના આહારના ત્યાગસહિત ઉપવાસ આદરે, ગૃહની સમસ્ત પ્રવૃત્તિ [વ્યાપાર, આરંભ, સ્નાન, ભોગોપભોગ] છોડી, ધર્મધ્યાન દ્વારા રાત્રિ પસાર કરે, પ્રભાતે ઊઠી સામાયિક ક્રિયા-કર્મ કરે, અષ્ટમી અને ચતુર્દશી તિથિએ અહોરાત્રિ શાસ્ત્રસ્વાધ્યાય, વંદન, સામાયિક ધર્મધ્યાન આદિ કરે, નોમ અને પૂર્ણમાસ તિથિએ પ્રભાતે સામાયિક, વંદન કરી, જિનેશ્વરનું પૂજન-અર્ચન કરી, બપોરે ત્રણ પ્રકારના પાત્ર [મુનિ, વિરતસમ્યગ્દૃષ્ટિ, અવિરતસમ્યગ્દૃષ્ટિ] ને પડગાહી [ભોજન સમયે આમંત્રી], તે પાત્રોને ભોજન કરાવી પોતે ભોજન કરે તેને પૌષધ પ્રતિમા હોય છે ૩૭૨-૩૭૬.

સામાયિકકીસી દસા, ચ્યારિ પહરલૌં હોઈ।
અથવા આઠ પહર રહૈ, પ્રોસહ પ્રતિમા સોઈ ॥

૨૧૦ ૫ ૦ શ્રીબનારસીદાસના સમયકાળમાં આ થોડા કાળના પૌષધનો પ્રચાર હોય તેમ લાગે છે.

દ્વારા કૃતકારિતઅનુમોદનના દોષ પોતાને લાગવા ન દે ] એ આચાર

## ૫-સચિત્તત્યાગ પ્રતિમા

+सच्चित्तं पत्तफलं छल्लीमूलं च किसलयं बीजं ।
जो ण य भक्खदि णाणी सच्चित्तविरओ हवे सो वि ॥ ३७९॥

ભાવાર્થઃ-જે જ્ઞાની શ્રાવક પત્ર, ફળ, છાલ, મૂળ, કૂંપળ, બીજ સચિત્ત ન ખાય તે સચિત્તવિરત શ્રાવક હોય. ૩૭૯.

જો સચિત્ત ભોજન તજે, પીવે પ્રાસુક નીર।
સો સચિત્ત ત્યાગી પુરુષ, પંચ પ્રતિજ્ઞાગીર॥

## ૬-રાત્રિભોજનત્યાગ પ્રતિમા

जो चउविहं वि भोज्जं रयणीए णेव भुंजदे णाणी ।
ण य भुंजावइ अण्णं णिसिविरओ सो हवे भोज्जो ॥ ३८२ ॥

ભાવાર્થ -જે જ્ઞાની શ્રાવક રાત્રિએ ચાર પ્રકાર [ અશન, પાન, ખાદિમ ને સ્વાદિમ ] આહારને ભોગવે નહિ તેમ જ અન્યને ભોગવાવે નહિ તે રાત્રિભોજનત્યાગી હોય છે.

વિશેષઃ-રાત્રિભોજનનો તો માંસના દોષની અપેક્ષાએ તથા

---

+सुक्कं पक्कं तत्तं अंबिललवणेहिं मिस्सियं दव्वं ।
जं जंतेण य छिण्णं तं सव्वं फासुअं भणियं ॥ १ ॥
गोम्मटसारटीका ।

ભાવાર્થ -સૂકી, પકવેલી, તપાવેલી, ખટાઈ અને લવણમિશ્રિત તથા યંત્રથી છિન્નભિન્ન અર્થાત્ શોધિત સર્વ વનસ્પતિ પ્રાસુક ( જીવ-રહિત-અચિત્ત ) કહેવાય છે ૧.

પાણીમાં લવંગ, હરડે આદિ તીખાં, ખાટાં, તુરાં પદાર્થોનું ચૂર્ણ નાંખવાથી વર્ણ અને રસ બદલાય છે ત્યારે તે પાણી પ્રાસુક-અચિત્ત થાય છે.

ભેદ દેશવિરત અથવા શ્રાવક ધર્મના છે. એ ભેદ શ્રાવકની

રાત્રિવિષે બહુ આરંભદ્વારા ત્રસની થતી ઘાતની અપેક્ષાએ પહેલી અને બીજી પ્રતિમામાં જ ત્યાગ કરાય છે; પરંતુ અહીં કૃત, કારિત, અનુમોદનનો મન, વચન, કાયા દ્વારા કોઈ દોષ લાગે તો તે શુદ્ધ ત્યાગ ન કહેવાય. અહીં તો પ્રતિમાની પ્રતિજ્ઞામાં શુદ્ધ ત્યાગ હોય તેને પ્રતિમા કહે છે. ૩૮૨.

કોઈ કોઈ સ્થળે આ પ્રતિમાનું નામ 'દિવામૈથુનત્યાગ' કહેલ છે.

જો દિન બ્રહ્મચર્ય વ્રત પાલે, તિથિ આયે નિસિ દિવસ સંભાલે।
ગહિ નૌ વાડ કરે વ્રત રખ્યા, સો ષટ્ પ્રતિમા શ્રાવક અખ્યા॥

## ૭–બ્રહ્મચર્ય પ્રતિમા

सव्वेसिं इत्थीणं जो अहिलासं ण कुव्वदे णाणी।
मणवायाकायेण य बंभवई सो हवे सदिओ॥ ३८४॥

ભાવાર્થઃ–જે જ્ઞાની શ્રાવક સર્વે–ચારે [દેવાંગના, મનુષ્યણી, તિર્યંચણી, ચિત્રિત] પ્રકારની સ્ત્રીનો અભિલાષ મન-વચન-કાયા દ્વારા ન કરે તે બ્રહ્મચર્યવ્રતી છે અને સદય છે. ૩૮૪.

જો નૌ વાડિ સહિત વિધિ સાધૈ, નિસિ દિન બ્રહ્મચર્ય આરાધૈ।
સો સપ્તમ પ્રતિમાધર જ્ઞાતા, સીલ–સિરોમનિ જગત વિખ્યાતા॥

## ૮. આરંભનિવર્તત પ્રતિમા

जो आरंभं ण कुणदि अण्णं कारयदि णेव अणुमण्णो।
हिंसासंतट्ठमणो चत्तारंभो हवे सो हि॥ ३८५॥

ભાવાર્થઃ–જે શ્રાવક ગૃહકાર્ય [સેવા, કૃષિ, વેપાર, લેખન-કર્મ, શિલ્પકર્મ ઈત્યાદિ હિંસાના કારણ] સંબંધી કાંઈ પણ આરંભ ન કરે, અન્ય પાસે ન કરાવે અને કર્તા પ્રત્યે ન અનુ-મોદે તે નિશ્ચયે હિંસાથી ભયભીત મનવાળો આરંભત્યાગી છે.

અગ્યાર * પ્રતિમા [ શ્રાવક-કર્તવ્યનો ક્રમિક ઉત્કર્ષ ] ના નામથી

આ પ્રતિમાધારક, સ્નાન, દાન, પૂજા આદિ ધાર્મિક ક્રિયાનો ત્યાગી થતો નથી ઘરમાં રહીને પણ ધર્મસાધન કરે છે. ૩૮૫.

જો વિવેક વિધિ આદરે, કરે ન પાપારંભ ।
સો અષ્ટમ પ્રતિમા ધની, કુગતિ વિજૈ રનથંભ ॥

## ૯. પરિગ્રહત્યાગ પ્રતિમા

जो परिवज्जइ गंथं अब्भंतरं बाहिरं च साणंदो ।
पावं ति मण्णमाणो णिग्गंथो सो हवे णाणी ॥ ३८६ ॥

ભાવાર્થઃ જે જ્ઞાની-સમ્યગ્દષ્ટિ શ્રાવક આભ્યંતર અને બાહ્ય પરિગ્રહને પાપના કારણરૂપ જાણી આનંદપૂર્વક છોડે અને મર્યાદાપૂર્વક વસ્ત્ર-પાત્ર રાખે, તે પરિગ્રહત્યાગી શ્રાવક છે. આ વ્રતધારી પૈસા રાખે નહિ ૩૮૬. ખરો વૈરાગી પરિગ્રહને આપદા દેખે.

શ્રીસમન્તભદ્રાચાર્યઃ-જે, બાહ્ય દશ પ્રકારના પરિગ્રહ પરનું મમત્વ છોડી, નિર્મમત્વમાં રત થઈ, દેહ, રાગ આદિ સમસ્ત પરદ્રવ્ય, પરપર્યાયમાં આત્મબુદ્ધિરહિત થઈ, પોતાના અવિનાશી જ્ઞાતાદૃષ્ટા ભાવમાં સ્થિર રહે અને જે ભોજન, વસ્ત્ર, સ્થાન કર્મસંયોગે મળે તેથી અધિક ન ઇચ્છતાં સંતોષમાં તત્પર રહે, વાંછા તથા દીનતારહિત રહે અને પરિચિત પરિગ્રહથી વિરક્ત રહે તે પરિગ્રહત્યાગી શ્રાવક છે.

શ્રીરત્નકરંડશ્રાવકાચાર.

ચૌપાઈ

જો દસધા પરિગ્રહકો ત્યાગી, સુખ સંતોષ સહિત વૈરાગી ।
સમરસ સંચિત કિંચિત્ ગ્રાહી, સો શ્રાવક નૌ પ્રતિમા વાહી ॥

* સંજમ અંશ જગ્યૌ જહાં, ભોગ અરુચિ પરિનામ ।
ઉદૈ પ્રતિજ્ઞાકૌ ભયૌ, પ્રતિમા તાકૌ નામ ॥

उत्तमखमामद्दवज्जवसच्चमसउच्चं च संजमं चेव ।
तवचागमकिंचण्हं बम्हा इदि दसविहं होदि ॥ ७० ॥
उत्तमक्षमामार्दवार्जवसत्यशौचं च संयमः चैव ।
तपस्त्यागः आकिंचन्यं ब्रह्म इति दशविधं भवति ॥ ७० ॥

અર્થ-ઉત્તમ ક્ષમા માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય-એ દશ ભેદ મુનિધર્મના છે ૭૦.

ક્ષુલ્લકના લક્ષણઃ-

તે એક લંગોટી અને ખંડવસ્ત્ર રાખે [આથી શિર કાં પગ ખુલ્લા રહે], વાળ અસ્તરાથી ઉતરાવે પીંછી અને કમંડળ રાખે, ચર્યાથી ગૃહસ્થને ત્યાં જઈ બેસી, ધાતુના પાત્રમાં ભોજન કરે.

એલકના લક્ષણ -

તે કેવળ લંગોટી રાખે, પોતાના વાળનો લોચ કરે, પીંછી, કમંડળ રાખે, ચર્યાથી ગૃહસ્થને ત્યાં જઈ, બેસી, કડવા, ખારા, મીઠા ભોજન મળે તે હાથમાં જ નાખીને દિવસમાં એક જ વખત સમભાવે મૌનથી ખાય, અંતરાયના પ્રસંગે ઉપવાસ કરે અને મુનિવ્રતનો અભ્યાસ કરે

એકાદશ પ્રતિમા કથા, કહી દસવત નાહિં ।
વહી અનુક્રમ મૂલસૌં, ગહી સુ છૂટે નાહિં ॥
પટ પ્રતિમા તાંઈ જઘન, મધ્યમ નૌ પર્યંત ।
ઉત્તમ દસમી ગ્યારમી, ઇતિ પ્રતિમા વિરતંત ॥

પ્રથમથી છઠ્ઠી પ્રતિમાવાળાને જઘન્ય શ્રાવક, સાતમીથી નવમી પ્રતિમાવાળાને મધ્યમ શ્રાવક અને દશ તથા અગ્યાર પ્રતિમાવાળીને ઉત્કૃષ્ટ શ્રાવક કહ્યા છે

ઇતિ પ્રતિમા અધિકાર સંપૂર્ણ.

कोहुप्पत्तिस्स पुणो बहिरंगं जदि हवेदि सक्खादं ।
ण कुणदि किंचि वि कोहं तस्स खमा होदि धम्मोत्ति ॥७१॥
क्रोधोत्पत्तेः पुनः बहिरङ्गं यदि भवेत् साक्षात् ।
न करोति किञ्चिदपि क्रोधं तस्य क्षमा भवति धर्म इति ॥७१॥

અર્થઃ-*ક્રોધ ઉત્પન્ન થવાને સાક્ષાત્ બાહ્ય કારણ મળવા છતાં જે અલ્પ પણ ક્રોધ કરતો નથી તેને ઉત્તમ †ક્ષમા-ધર્મ થાય છે. ૭૧

---

ઉપદેશ

*दुज्जणवयणचडक्कं णिट्ठुरकडुयं सहंति सप्पुरिसा ।
कम्ममलणासणट्ठं भावेण य णिम्ममा सवणा ॥ १०७ ॥

અર્થઃ-નિર્મમત્વી સત્પુરુષ-મુનિઓ દુર્જનના કઠોર, નિર્દય, કટુ વચનો કર્મ-મલના નાશાર્થે ઉપશમભાવે સહન કરે છે. ૧૦૭


इदि णाऊण खमागुण ! खमेहि तिविहेण सयलजीवाणं ।
चिरसंचियकोहसिहिं वरखमसलिलेण सिंचेह ॥ १०९ ॥

અર્થઃ-હે ક્ષમાગુણ મુને ! આ પૂર્વોક્ત ક્ષમા ગુણને જાણી સર્વ જીવ પ્રત્યે મન-વચન-કાયાથી ક્ષમા રાખી દીર્ઘકાલસંચિત ક્રોધરૂપ અગ્નિને ઉત્તમ ક્ષમારૂપ જળ વડે સીંચ-બુઝાવ. ૧૦૯.

ભાવપાહુડ ।

† ક્ષમાના ત્રણ પ્રકાર છેઃ- જઘન્ય, મધ્યમ, ઉત્તમ; કાંઈ કારણ વિના અપ્રિયવાદી, મિથ્યાદષ્ટિ મારી નિંદા કરે છે અને ત્રાસ દેવાનો યત્ન કરે છે, પરંતુ મારા પુણ્યના ઉદયથી એ કાંઈ કરી ન શક્યો એમ સમજી ક્ષમા રાખવી તે પ્રથમ જઘન્ય ક્ષમા.

વિના કારણે જ આ જીવ મને મારવા, ત્રાસ દેવા, પીડા કરવા પ્રેરે છે. પરંતુ મારા પુણ્યોદયે આ મારું બૂરું કરી ન શકશે એમ સમજી ક્રોધ ન કરતાં ક્ષમા રાખવી તે બીજી મધ્યમ ક્ષમા.



*कुलरूवजादिबुद्धिसु तवसुदसीलेसु गारवं किंचि ।
जो ण वि कुव्वदि समणो मद्दवधम्मं हवे तस्स ॥७२॥

कुलरूपजातिबुद्धिषु तपः श्रुतशीलेषु गौरवं किञ्चित् ।
यः नैव करोति श्रमणो मार्दवधर्मो भवति तस्य ॥७२॥

અર્થ—જે શ્રમણ કુલ, રૂપ, જાતિ, બુદ્ધિ, તપ, શાસ્ત્ર, શીલ આદિ [ઋદ્ધિ] ના વિષયમાં કિંચિત્ પણ +મદ [ઘમંડ] કરતા નથી તેને માર્દવ-ધર્મ છે ૭૨

---

યદિ પોતાને પીડા—ત્રાસ પ્રાપ્ત થયા હોય ત્યારે એમ વિચારે કે હું અમૂર્તિક પરમબ્રહ્મસ્વરૂપ છુ મારા શુદ્ધ સ્વરૂપની કોઈ હાનિ થતી નથી એમ ધ્યાનમા લઈ પરમસમતારસના ભાવમા ઠરી જવુ તે ઉત્તમ ક્ષમા

નિયમસાર ।

+આઠ મદ—જ્ઞાન પૂજા [પ્રતિષ્ઠા] કુલ, જાતિ, બળ, ઋદ્ધિ, તપ અને શરીર

श्रीरत्नकरंडश्रावकाचार ।

*मयमायकोहरहिओ लोहेण विवज्जिओ य जो जीवो ।
णिम्मलसहावजुत्तो सो पावइ उत्तमं सोक्खं ॥ ४५ ॥

અર્થ—જે જીવ, મદ [અભિમાન] માયા ને ક્રોધરહિત હોય, વળી લોભરહિત હોય તે જીવ નિર્મલ સ્વભાવયુક્ત થઈ ઉત્તમ સુખને પામે છે ૪।

मोक्खपाहुड ।

૧. કુળ અને જાતિમાં એટલો અંતર છે કે કુલ પિતાના સંબંધથી અને જાતિ માતાના સંબંધથી હોય જેમકેઃ કોઈ સૂર્યવંશી રાજાનો પુત્ર શુદ્ર રાણીના ગર્ભથી ઉત્પન્ન થયો, તો તે કુંવરનુ કુળ સૂર્યવંશી અને જાતિ શુદ્ર કહેવાશે.

†मोत्तूण कुडिलभावं णिम्मलहिदयेण चरदि जो समणो ।
अज्जवधम्मं तइयो तस्स दु संभवदि णियमेण ॥ ७३ ॥
मुक्त्वा कुटिलभावं निर्मलहृदयेन चरति यः श्रमणः ।
आर्जवधर्मः तृतीयः तस्य तु संभवति नियमेन ॥ ७३ ॥

અર્થઃ-જે શ્રમણ કુટિલભાવ [માયા] ને છોડી નિર્મળ હૃદયથી ચારિત્રનું પાલન કરે છે તેને નિશ્ચયે ત્રીજો આર્જવ ધર્મ સંભવે છે. ૭૩.

‖परसंतावयकारणवयणं मोत्तूण सपरहिदवयणं ।
जो वददि भिक्खु तुरियो तस्स दु धम्मो हवे सच्चं ॥ ७४ ॥
परसंतापककारणवचनं मुक्त्वा स्वपरहितवचनम् ।
यः वदति भिक्षुः तुरीयः तस्य तु धर्मः भवति सत्यम् । ७४ ॥

અર્થઃ-જે મુનિ અન્યને ક્લેશકારક વચનો [કહેવાનું] છોડી સ્વ-પરને હિતકર વચન કહે છે તેને ચોથો 'સત્ય ધર્મ' થાય છે. ૭૪.

कंखाभावणिवित्तिं किच्चा वेरग्गभावणाजुत्तो ।
जो वट्टदि परममुणी तस्स दु धम्मो हवे सोच्चं ॥ ७५ ॥
कांक्षाभावनिवृत्तिं कृत्वा वैराग्यभावनायुक्तः ।
यः वर्तते परममुनिः तस्य तु धर्मः भवति शौचम् ॥ ७५ ॥

---

‖रागेण व दोसेण व, मोहेण व मोसभासपरिणामं ।
जो पजहदि साहु सया, बिदियवयं होइ तस्सेव ॥ ५७ ॥
અર્થ-જે સાધુ-સજ્જન જ્યારે રાગ-દ્વેષ-મોહથી જૂઠ બોલવાના પરિણામને છાડે ત્યારે જ તેને બીજું સત્યવ્રત થાય છે. ૫૭
नियमसार ।

અર્થ-જે પરમમુનિ કાંક્ષાભાવ-ઇચ્છાને નિવર્તી અને વૈરાગ્ય-ભાવયુક્ત થઈ વર્તે છે તેને શૌચ ધર્મ થાય છે

ભાવાર્થ:-*લોભ કષાયને તજી ઉદાસીનતારૂપ પરિણામ રાખવા તેને શૌચ ધર્મ કહે છે ૭૫

+वदसमिदिपालणाए दंडच्चाएण इंदियजएण ।
परिणममाणस्स पुणो संजमधम्मो हवे णियमा ॥ ७६ ॥

†व्रतसमितिपालने दण्डत्यागे इन्द्रियजये ।
परिणममानस्य पुनः संयमधर्मः भवति नियमात् ॥ ७६ ॥

અર્થ-વ્રત અને સમિતિના પાલન રૂપ, દંડત્યાગરૂપ અર્થાત્

---

* ચાર ઉત્તમ ગુણ પ્રાપ્ત કરવાનો ઉપાય-

कोहं खमया माणं, समद्दवेणऽज्जवेण मायं च ।
संतोसेण य लोहं, जयदि खुए चवव्विहकसाए ॥ ११५ ॥

અર્થ.-ક્રોધને ક્ષમાથી, માનને આત્મિક માર્દવ ભાવથી, માયાને આર્જવ ધર્મથી [નિર્મલ હૃદયથી] અને લોભને સ તોષથી-આ ચાર પ્રકારના કષાયને યોગી જીતે છે ૧૧૫

नियमसार ।

+पचसमिदो तिगुत्तो पंचेंदियसंवुडो जिदकसाओ ।
दंसणणाणसमग्गो समणो सो संजदो भणिदो ॥ ४० ॥

અર્થ-જે શ્રમણ (મહામુનિ) ઈર્યા આદિ પાંચ સમિતિના પાલક, ત્રણ યોગના નિરોધથી ત્રણ ગુપ્તિયુક્ત, પાંચ ઇન્દ્રિયોને રોકનાર, કષાયોને જીતનાર અને દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ છે તે સયમી છે એમ ભગવંતદેવે કહ્યું છે ૪૦

प्रवचनसार-चारित्राधिकार ।

† આના આશયવાળી ગાથા ગોમ્મટસાર-જીવકાંડમાં ४६४ મી છે.

મન-વચન-કાય યોગના નિગ્રહ રૂપ અને પાંચ ઇંદ્રિયોના જય રૂપ પરિણામ જે જીવને થાય છે તેને નિશ્ચયે સંયમધર્મ છે

સામાન્યપણે પાંચે ઇંદ્રિયો અને મનના નિગ્રહને સંયમ કહે છે; વ્રત, સમિતિ, ગુપ્તિ તેના ભેદ છે ૭૬

विसयकसायविणिग्गहभावं काऊण झाणसज्झाए ।
जो भावइ अप्पाणं तस्स तवं होदि णियमेण ॥ ७७ ॥

विषयकषायविनिग्रहभावं कृत्वा ध्यानस्वाध्यायेन ।
यः भावयति आत्मानं तस्य तपः भवति नियमेन ॥ ७७ ॥

અર્થ -જે, પાંચ ઇન્દ્રિયોના વિષયો તથા ચારે કષાયોને અને રોકી-રોકી ધ્યાન અને સ્વાધ્યાયથી આત્માને ચિંતવે છે—આત્માનો વિચાર કરે છે તેને નિશ્ચયે તપ થાય છે ૭૭

णिव्वेगतियं भावइ मोहं चइऊण सव्वदव्वेसु ।
जो तस्स हवे चागो इदि भणिदं जिणवरिंदेहिं ॥ ७८ ॥

निर्वेदत्रिकं भावयति मोहं त्यक्त्वा सर्वद्रव्येषु ।
यः तस्य भवति त्यागः इति भणितं जिनवरेन्द्रैः ॥ ७८ ॥

અર્થ -જિનેન્દ્રદેવે કહ્યું છે કે, જે, સર્વ પરદ્રવ્યોથી મોહ તજી, સંસાર, દેહ અને ભોગ પ્રત્યે ઉદાસી પરિણામ રાખે છે તેને ત્યાગ ધર્મ થાય છે ૭૮

होऊण य णिस्संगो णियभावं णिग्गहित्तु सुहदुहदं ।
णिद्दंदेण दु वट्टदि अणयारो तस्सऽकिंचण्हं ॥ ७९ ॥

भूत्वा च निस्सङ्गः निजभावं निगृह्य सुखदुःखदम् ।
निर्द्वन्द्वेन तु वर्तते अनगारः तस्याकिञ्चन्यम् ॥ ७९ ॥

અર્થ-જે મુનિ સર્વ પ્રકારના પરિગ્રહથી નિસંગ થઈ, સુખ-દુખદાયક કર્મજનિત નિજભાવને રોકી, નિર્દ્વન્દ્વતાથી અર્થાત્ સુખ દુઃખરૂપ, માન-અપમાનરૂપ દ્વન્દ્વ રહિત થઈ-સમતાથી થઈ વર્તે છે તેને આકિંચન્ય ધર્મ છે

ભાવાર્થઃ-આંતર અને બાહ્ય પરિગ્રહના ત્યાગને અને સમભાવના સ્વીકારને આકિંચન્ય ધર્મ કહે છે. ૭૯.

सव्वंगं पेच्छंतो इत्थीण तासु मुयदि दुब्भावं ।
सो बम्हचेरभावं सुक्कदि खलु दुद्धरं धरदि ॥ ८० ॥

सर्वांङ्ग पश्यन् स्त्रीणां तासु मुञ्चति दुर्भावम् ।
स ब्रह्मचर्यभावं सुकृती खलु दुर्द्धरं धराति ॥ ८० ॥

અર્થ.-જે પવિત્રાત્મા, સ્ત્રીઓના સર્વાંગોને જોઈ તેમાં બૂરા પરિણામ કરવાનું છોડે છે તે દુઃસાધ્ય બ્રહ્મચર્યને ધારણ કરે છે. ૮૦.

सावयधम्मं चत्ता जदि धम्मे जो हु वट्टए जीवो ।
सो ण य वज्जदि मोक्खं धम्मं इदि चिंतये णिच्चं ॥ ८१ ॥

---

* दट्ठूण इत्थिरूवं वांच्छाभावं णिवत्तदे तासु ।
मेहुणसण्णविवज्जिय-परिणामो अहव तुरीयवदं ॥ ५९ ॥

વિશેષાર્થ -સુંદર સ્ત્રીઓના મનોહર અંગો દેખી તેની સાથે ક્રીડા કરવાની ચિત્તમાં થતી ઇચ્છાને દબાવે છે અને મૈથુનસંજ્ઞારહિત પોતાના પરિણામો કરે [illegible] તેને ચોથું મૈથુનસંજ્ઞાત્યાગ-બ્રહ્મચર્ય વ્રત થાય છે. ૫૯.

नियमसार ।

નિરખીને નવ યૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ઠની પૂતળી, તે ભગવાન સમાન.

સ્વ૦ શ્રીમદ્ રાજચંદ્ર

श्रावकधर्मं त्यक्त्वा यतिधर्मे यः हि वर्तते जीवः ।
स न च त्यजति मोक्षं धर्ममिति चिन्तयेत् नित्यम् ॥८१॥

અર્થ-જે જીવ શ્રાવક ધર્મ છોડી યતિધર્મ આચરે છે, તે મોક્ષને છોડતો નથી અર્થાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે એમ ધર્મ-ભાવનાનુ સદા ચિંતવન કરવુ જોઈએ

ભાવાર્થ-શ્રાવક ધર્મ છોડી સમ્યગ્દર્શનજ્ઞાનપૂર્વક સમ્યક્ચારિત્રરૂપ મુનિ ધર્મ અંગીકાર કર્યા પછી સાક્ષાત્ મોક્ષ થાય છે ૮૧

+ णिच्छयणएण जीवो सागारणगारधम्मदो भिण्णो ।
मज्झत्थभावणाए सुद्धप्पं चिंतये णिच्च ॥८२॥
निश्चयनयेन जीवः सागारानगारधर्मतः भिन्नः ।
मध्यस्थभावनया शुद्धात्मानं चिन्तयेत् नित्यम् ॥ ८२ ॥

અર્થ-જીવ નિશ્ચયનયે શ્રાવકધર્મ અને મુનિધર્મથી ભિન્ન છે માટે માધ્યસ્થ ભાવ રાગદ્વેષરહિત પરિણામોથી શુદ્ધાત્મા-સમયસારનુ જ સદા ધ્યાન કરવુ જોઈએ ૮૨

---

+ववहारिओ पुण णओ दोण्णि वि लिंगाणि भणइ मोक्खपहे ।
णिच्छयणओ ण इच्छइ मोक्खपहे सव्वलिंगाणि ॥४१४॥

અન્વયાર્થ-વ્યવહારનય શ્રાવકલિંગ તેમજ મુનિલિંગને મોક્ષમાર્ગ કહે છે નિશ્ચયનય સર્વ લિંગોને [કોઈ પણ લિંગને] મોક્ષમાર્ગમાં ગણતો નથી

ભાવાર્થ-વ્યવહારનયનો વિષય તો ભેદરૂપ અશુદ્ધ દ્રવ્ય છે તેથી તે પરમાર્થ નથી નિશ્ચયનયનો વિષય અભેદરૂપ શુદ્ધ દ્રવ્ય છે તેથી તે જ પરમાર્થ છે માટે જેઓ વ્યવહારને જ નિશ્ચય માનીને પ્રવર્તે છે તેઓ સમયસારને અનુભવતા નથી, જેઓ પરમાર્થને પરમાર્થ માની પ્રવર્તે છે તેઓ જ સમયસારને અનુભવે [તેથી તેઓ જ મોક્ષને પામે છે] ૪૧૪

## ૧૨– બોધિદુર્લભ ભાવના

+ उप्पज्जदि सण्णाण जेण उवाएण तस्सुवायस्स ।
चिंता हवेइ बोही अच्चंत दुल्लहं होदि ॥ ८३ ॥
उत्पद्यते सद्ज्ञान येन उपायेन तस्योपायस्य ।
चिन्ता भवति बोधिः अत्यन्तं दुर्लभं भवति ॥ ८३ ॥

અર્થ–જે ઉપાયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ઐક્યની ઉત્પત્તિ થાય તે ઉપાયનું ચિન્તન કરવું તેને અત્યંત દુર્લભ બોધિ ભાવના કહે છે; કેમકે બોધિની પ્રાપ્તિ બહુ જ કઠિન છે. ૮૩

---

ધન કન કંચન રાજસુખ સબ હિ સુલભ કર જાન ।
દુર્લભ હૈ સંસારમેં એક જથારથ જ્ઞાન ॥
એક જથારથ જ્ઞાન સુ દુર્લભ હૈ જગમેં અધિ ।।।
થાવર નમ દુર્લભ નિગોદતેં ન-નન સગતિ પા।। ॥
કુલ શ્રાવક રત્નત્રય દુર્લભ અરુ પદ્મ ગ। યના ।
સબતેં દુર્લભ આતમજ્ઞાન સુ જો જગમાહિ બધાના ॥

દોહા

ભૂધર કવિ કૃત ભાવના, દ્વાદશ જગ પ્રધાન ।
તા પર મ અજ્ઞાને છૂટ ગયે હિત જા। ॥

+ दर्शनज्ञानचारित्रयात्मा तत्त्वमात्मन ।
एष एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा ॥ २३९ ॥

અર્થ–આત્માનું તત્ત્વ દર્શનજ્ઞાનચારિત્રાત્મક છે (અર્થાત્ આત્માનું યથાર્થ રૂપ દર્શન જ્ઞાન–ચારિત્રના ત્રિસ્વરૂપ છે, તેથી મોક્ષનાં ઇચ્છુક પુરુષે (આ દર્શનજ્ઞાનચારિત્રરૂપ) મોક્ષમાર્ગ એક જ સદા સેવવાયોગ્ય છે ૨૩૯

कम्मुदयजपज्जाया हेयं खाओवसमियणाणं खु ।
सगदव्वमुवादेयं णिच्छयत्ति होदि सण्णाणं ॥ ८४ ॥
कर्मोदयजपर्याया हेयं क्षायोपशमिकज्ञानं खलु ।
स्वकद्रव्यमुपादेयं निश्चितिः भवति सद्ज्ञानम् ॥ ८४ ॥

અર્થ-ક્ષાયોપશમિક જ્ઞાન ખરેખર કર્મોદયજનિત પર્યાય પરદ્રવ્ય છે માટે તે ત્યાજ્ય છે, સમ્યગ્જ્ઞાન સ્વક દ્રવ્ય છે અર્થાત્ આત્માનો નિજ સ્વભાવ છે તેથી તે નિશ્ચયે ઉપાદેય છે ૮૪

*मूलुत्तरपयडीओ मिच्छत्तादी असंखलोगपरिमाणा ।
परदव्वं सगदव्वं अप्पा इदि णिच्छयणएण ॥ ८५ ॥
मूलोत्तरप्रकृतयः मिथ्यात्वाद्यः असंख्यलोकपरिमाणाः ।
परद्रव्यं स्वकद्रव्यं आत्मा इति निश्चयनयेन ॥ ८५ ॥

અર્થ. કર્મની મિથ્યાત્વ આદિ મૂળ પ્રકૃતિઓ વા ઉત્તર પ્રકૃતિઓ જે અસંખ્યાત લોક-પરિમાણ છે તે પરદ્રવ્ય છે અર્થાત્ આત્માથી જુદી છે અને નિશ્ચયનયે આત્મા નિજ દ્રવ્ય છે. ૮૫.

---

* दुट्ठट्ठकम्मरहियं अणोवम णाणविग्गहं णिच्चं ।
सुद्धं जिणेहिं कहियं अप्पाणं हवदि सद्दव्वं ॥ १८ ॥

અર્થ:-સંસારના દુઃખ દેનાર દુષ્ટ જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મરહિત, અનુપમ, જ્ઞાન-દેહી, અવિનાશી અને શુદ્ધ કેવળજ્ઞાનમયી આત્મા જે જિનભગવતકથિત છે તે સ્વદ્રવ્ય છે

ભાવાર્થ-પોતાનો જ્ઞાનદર્શન અમૂર્તિક જ્ઞાનમૂર્તિ આત્મા છે તે જ એક સ્વદ્રવ્ય છે અને અન્ય સર્વ ચેતન અચેતન ને મિશ્ર પરદ્રવ્ય છે ૧૮

मोक्षपाहुड ।

×एवं जायदि णाणं हेयमुवादेय णिच्छये णत्थि ।
चिंतेज्जइ मुणि बोहिं संसारविरमणट्ठे य ॥ ८६ ॥
एवं जायते ज्ञानं हेयोपादेयं निश्चयेन नास्ति ।
चिन्तयेत् मुनिः बोधिं संसारविरमणार्थं च ॥ ८६ ॥

અર્થ:-એ પ્રમાણે અશુદ્ધ નિશ્ચયનયે બોધિમાં હેય-ઉપાદેયરૂપ થાય છે; પણ શુદ્ધ નિશ્ચયનયે તે બોધિમાં હેય-ઉપાદેયરૂપ વિકલ્પ રહેલો નથી. માટે મુનિએ સંસારથી વિરક્ત થવા અર્થે બોધિભાવના ચિંતવવી જોઈએ. ૮૬.

---

बारसअणुवेक्खाओ पच्चक्खाणं तहेव पडिकमणं ।
आलोयणं समाही तम्हा भावेज्ज अणुवेक्खं ॥ ८७ ॥
द्वादशानुप्रेक्षाः प्रत्याख्यानं तथैव प्रतिक्रमणम् ।
आलोचनं समाधिः तस्मात् भावयेत् अनुप्रेक्षाम् ॥ ८७ ॥

---

स्वागता

×चित्स्वभावभरभावितभावा-भावभावपरमार्थतयैकम् ।
बंधपद्धतिमपास्य समस्तां चेतये समयसारमपारम् ॥ ९२ ॥

ભાવાર્થ:-નિર્વિકલ્પ અનુભવ થતા, જેના કેવળજ્ઞાનાદિ ગુણોનો પાર નથી એવા સમયસારરૂપી પરમાત્માનો અનુભવ જ વર્તે છે; 'હું અનુભવું છું' એવો પણ વિકલ્પ હોતો નથી. ૯૨.

समयसारकलश ।

॥ સુદ્ધાતમ અનુભૌ ક્રિયા, સુદ્ધ જ્ઞાન દ્રિગ દૌર ।
મુકતિ-પંથ સાધન વહૈ, વાગજાલ સબ ઔર ॥ ૧૨૬ ॥

सर्वविशुद्धिद्वार ।

અર્થ:-આ દ્વાદશાનુપ્રેક્ષા-બાર ભાવના જ પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના, સમાધિસ્વરૂપ છે; માટે નિરંતર અનુપ્રેક્ષાનું ચિંતવન કરવું જોઈએ. ૮૭

रत्तिदिवं पडिक्कमणं पच्चक्खाणं समाहिं सामइयं ।
आलोयणं पकुव्वदि जदि विज्जदि अप्पणो सत्ती ॥ ८८ ॥
रात्रिं दिवं *प्रतिक्रमणं प्रत्याख्यानं समाधिं सामायिकम् ।
आलोचनां प्रकरोति यदि विद्यते आत्मनः शक्तिः ॥ ८८ ॥

અર્થ:-યદિ પોતાની શક્તિ હોય તો *પ્રતિક્રમણ, +પ્રત્યાખ્યાન, †સમાધિ, ‖સામાયિક, અને §આલોચના રાત્રિ-દિન કરે ૮૮.

---

*मोत्तूण वयणरयणं, रागादीभाववारणं किच्चा ।
अप्पाणं जो झायदि, तस्स दु होदित्ति पडिक्कमणं ॥ ८३ ॥

સામાન્યાર્થ:-વચનની રચના છોડી તથા રાગ-દ્વેષાદિ ભાવોનું નિવારણ કરી જે કોઈ આત્માને ધ્યાવે છે તેને પ્રતિક્રમણ થાય છે ૮૩.

+मोत्तूण सयलजप्प,-मणागयसुहमसुहवारणं किच्चा ।
अप्पाणं जो झायदि, पच्चक्खाणं हवे तस्स ॥ ९५ ॥

સામાન્યાર્થ:-જે, સર્વ વચન-જાલને તજી આગામી સર્વ શુભ, અશુભ ભાવોને તથા કર્મોને દૂર કરી આત્માનું જ ધ્યાન કરે છે તેને જ નિશ્ચય પ્રત્યાખ્યાન થાય છે ૯૫.

†वयणोच्चारणकिरियं, परिचत्ता वीयरायभावेण ।
जो झायइ अप्पाणं, परमसमाही हवे तस्स ॥ १२२ ॥

સામાન્યાર્થ:-જે કોઈ, પોતાના વીતરાગ ભાવદ્વારા વચનોચ્ચારણક્રિયાનો ત્યાગ કરી પોતાના આત્માને ધ્યાવે છે તેને જ પરમ સમાધિ થાય છે. ૧૨૨.

मोक्खगया जे पुरिसा अणाइकालेण बारअणुवेक्खं ।
परिभाविऊण सम्मं पणमामि पुणो पुणो तेसिं ॥ ८९ ॥

मोक्षगता ये पुरुषा अनादिकालेन द्वादशानुप्रेक्षाम् ।
परिभाव्य सम्यक् प्रणमामि पुनः पुनः तेभ्यः ॥ ८९ ॥

અર્થ.-જે પુરુષો આ બાર ભાવનાઓનું ચિંતવન કરી
અનાદિ કાળથી આજસુધી મોક્ષે ગયા છે તેમને હું સમ્યક્પ્રકાં
[ મન-વચન-કાયપૂર્વક ] વારંવાર પ્રણામ કરું છું. ૮૯.

---

રામ[1]-રસિક અરુ રામ[2]-રસ, કહન સુનનકોં દોય ।
જબ સમાધિ[3] પરગટ ભઇ, તબ દુવિધા[4] નહિ કોય ॥ ૩૩
મોક્ષદ્વાર

॥जस्स रागो दु दोसो दु, विगडिं ण जणेति दु ।
तस्स सामाइगं ठाई इदि केवलिसासणे ॥ १२८ ॥

સામાન્યાર્થ.-જેને રાગ, દ્વેષ વિકૃતિ [વિકાર] ઉત્પન્ન કરતા ન
તેને સામાયિક સ્થાયી થાય છે એમ કેવલીના આગમ
કહ્યું છે. ૧૨૮.

§णोकम्मकम्मरहियं, विहावगुणपज्जएहिं वदिरित्तं ।
अप्पाणं जो झायदि, समणस्सालोयणं होदि ॥ १०७ ॥

સામાન્યાર્થ :-જે મુનિ આત્માને નોકર્મ, દ્રવ્યકર્મ તથા વિભા
ગુણ અને પર્યાયરહિત ધ્યાવે છે તે શ્રમણને આલોચના થાય છે ૧૦
નિયમસાર ।

આ પ્રમાણે પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સમાધિ, સાામાયિક અ
આલોચનાનું સત્ય સ્વરૂપ છે

---

૧. આત્મા ૨. આત્માનુભવ ૩. સ્વ સ્વરૂપમાં લીનતા-ધ્યાન. ૪. દ્

किं पलविएण बहुणा जे सिद्धा णरवरा गये काले।
सिज्झिहहि जे वि भविया तज्जाणह तस्स माहप्पं ॥९०॥

किं प्रलपितेन बहुना ये सिद्धा नरवरा गते काले।
सेत्स्यन्ति येऽपि भविकाः तद् जानीहि तस्य माहात्म्यम् ॥९०॥

અર્થ.-આ વિષયમાં અધિક કહેવાથી શું? એટલું જ બસ છે કે ભૂતકાળમાં જેટલા શ્રેષ્ઠ પુરુષો સિદ્ધ થયા છે અને ભવિષ્યમાં જે ભવ્ય જીવો પણ સિદ્ધ થશે તે આ ભાવનાનું માહાત્મ્ય જાણો. ૯૦.

इदि णिच्छयववहारं जं भणियं 'कुंदकुंदमुणिणाहे'।
जो भावइ सुद्धमणो सो पावइ परमणिव्वाणं ॥ ९१ ॥

इति निश्चयव्यवहारं यत् भणितं कुन्दकुन्दमुनिनाथेन।
यः भावयति शुद्धमनाः सः प्राप्नोति परमनिर्वाणम् ॥९१॥

અર્થ:-એ પ્રમાણે નિશ્ચય અને વ્યવહારનય અનુસાર આ બાર ભાવનાઓનું સ્વરૂપ મુનિઓના નાથ-સ્વામી શ્રી કુન્દકુન્દાચાર્યે કહ્યું છે; તેને જે પુરુષ શુદ્ધ ચિત્તથી ભાવશે-ચિંતવશે તે પરમનિર્વાણ-મોક્ષને પ્રાપ્ત કરશે ૯૧.

इति श्रीकुन्दकुन्दाचार्यविरचिता द्वादशानुप्रेक्षा समाप्ता।

शुभंभूयात्।



| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૮ | ૨૬ | નિશુદ્ધ | વિશુદ્ધ |
| ૫૧ | ૨૦ | સુધ્યાંન | સુધ્યાન |
| ૫૨ | ૧૧ | ચઉદ્રિય પિ | ચઉરિંદ્રિયંપિ |
| ૫૩ | ૧૮ | પદર્ં | ગર્ં |
| ૫૫ | ૨૬ | આસ | અંસ |

## સુભાષિત

### જીવની બાહ્ય તથા અંતરંગ અવસ્થા

કરમકે ચક્રમેં ફિરત જગવાસી જીવ
હ્વૈ રહ્યો બહિરમુખ વ્યાપત વિષમતા ।
અંતર સુમતિ આઈ વિમલ બડાઈ પાઈ,
પુદ્ગલસોં પ્રીતિ ટૂટી છૂટી માયા મમતા ॥
શુદ્ધનૈ નિવાસ કીનો અનુભૌ અભ્યાસ લીનો,
ભ્રમભાવ છાંડિ દીનો ભીનો ચિત્ત સમતા ।
અનાદિ અનંત અવિકલપ અચલ ઐસો
પદ અવલંબી અવલોકૈ રામ રમતા ॥ ૧૪ ॥

આસ્રવ ધિકાર — સ્વ૦ કવિ બનારસીદાસ

### જ્ઞાનીનો ઉન્નતિક્રમ

જો પૂરવકૃત કરમ, વિરખ-વિષ-ફલ નહિ ભુંજૈ ।
જોગ જુગતિ કારિજ કરતિ, મમતા ન પ્રયુંજૈ ॥
રાગ વિરોધ નિરોધિ સંગ વિકલપ સબ છંડઇ ।
સુદ્ધાતમ અનુભૌ અભ્યાસિ, શિવ નાટક મંડઇ ॥
જો જ્ઞાનવંત ઇહિ મગ ચલત, પૂરન હ્વૈ કેવલ લહૈ ।
સો પરમ અતીન્દ્રિય સુખવિષૈં મગન રૂપ સન્તત રહૈ ॥ ૧૦૬ ॥

સર્વવિશુદ્ધિદ્વાર—સ્વ૦ પં૦ કવિ શ્રી બનારસીદાસ.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૪૮ | ૨૬ | વિશુદ | વિશુદ્ધ |
| ૫૧ | ૨૦ | કુધ્યાંન | કુધ્યાન |
| ૫૨ | ૧૧ | ચકક્રિદ પિ | ચક્રવર્તિપિ |
| ૫૩ | ૧૮ | પદ્દં | પદં |
| ૫૫ | ૨૬ | આસ | આંસ |

## સુભાષિત

### જીવની બાહ્ય તથા અંતરંગ અવસ્થા

કરમકે ચક્રમેં ફિરત જગવાસી જીવ
હ્વૈ રહ્યો બહિરમુખ વ્યાપત વિષમતા ।
અંતર સુમતિ આઈ વિમલ બડાઈ પાઈ,
પુદ્ગલસૌં પ્રીતિ ટૂટી છૂટી માયા મમતા ॥
શુદ્ધનૈ નિવાસ કીનો અનુભૌ અભ્યાસ લીનો,
ભ્રમભાવ છાંડિ દીનો ભીનો ચિત સમતા ।
અનાદિ અનંત અવિકલ્પ અચલ ઐસો
પદ અવલંબી અવલોકે રામ રમતા ॥ ૧૪ ॥

આસ્રવાધિકાર.—સ્વ૦ કવિ શ્રીબનારસીદાસ

### જ્ઞાનીનો ઉન્નતિક્રમ

જો પૂરવકૃત કરમ, બિરખ-બિષ-ફેલ નહિ ભુંજૈ ।
જોગ જુગતિ કારિજ કરતિ, મમતા ન પ્રયુંજૈ ॥
રાગ વિરોધ નિરોધિ સંગ વિકલપ સબ છંડઇ ।
સુદ્ધાતમ અનુભૌ અભ્યાસિ, સિવ નાટક મંડઇ ॥
જો ગ્યાનવંત ઇહિ મગ ચલત, પૂરન હ્વૈ કેવલ લહૈ ।
સો પરમ અતીન્દ્રિય સુખવિષૈં મગન રૂપ સંતત રહૈ ॥ ૧૦૬ ॥

સર્વવિશુદ્ધિદ્વાર—સ્વ૦ પં૦ કવિ શ્રીબનારસીદાસ.

श्री तेरापंथ किशोर मंडल
बीकानेर

# जैन दर्शन में तत्त्व-मीमांसा

—मुनि नथमल